રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



બીજું નોરતું : માઁ બ્રહ્મચારિણી

Year : 16 | Issue : 241 | Dt. 12-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**


દુનિયામાં એનર્જી સંકટનું જોખમ

ભૂરાજનીતિક જોખમોમાં વધારો, વૈશ્વિક વેપારની પેટર્નમાં બદલાવ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે AIના ઉછાળા સાથે જોડાયેલા નાણાકીય જોખમોની ચિંતા વચ્ચે યુએનસીટીએડીનું અનુમાન

નવી દિલ્હી, તા.૧૧

દુનિયા સંકટમાં છે, ગ્લોબલ ઇકોનોમીના ગ્રોથને કારણે વેસ્ટ એશિયામાં તણાવની બહુ જ ખરાબ અસર જોવા મળી શકે છે. સંયુક્ત રાષ્ટ્રના વેપાર અને યુએનસીટીએડી વોર્મિંગ ગ્લોબલ એ આ ચેતવણી આપી છે. તેમાં એલર્ટ આપવામાં આવ્યું છે કે, મધ્ય-પૂર્વમાં ટેન્શન વચ્ચે એનર્જી સંકટ મોટો ખતરો બન્યું છે અને તેનાથી વિશ્વની અર્થવ્યવસ્થા પર દબાણ બની રહ્યું છે, જે અંતર્ગત ગ્લોબલ ઇકોનોમિક ગ્રોથ રેટ ગયા વર્ષના ૨.૯થી ઘટીને ૨.૬ ટકા રહી શકે છે.

યુએનસીટીએડી ના જણાવ્યા પ્રમાણે, વેસ્ટ એશિયા સંઘર્ષને કારણે ઉત્પન્ન થયેલા એનર્જી સંકટની ખરાબ અસર દુનિયાની ઇકોનોમિક ઝડપ પર પડે છે. તેણે વેપાર અને વિકાસ રિપોર્ટમાં ગ્લોબલ ઇકોનોમિક ગ્રોથ રેટ ગત વર્ષના ૨.૯થી ઘટીને ૨.૬ ટકા રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. તો બીજી તરફ, વસ્તુઓ અને સેવાઓના વૈશ્વિક વેપારમાં આ વર્ષે સ્થિર કિંમતો પર ૪ ટકા ની વૃદ્ધિ થવાની શક્યતા છે. જો કે, વેપારમાં અનુમાનિત વૃદ્ધિનો મોટાભાગનો હિસ્સો હાઇ એનર્જી કોસ્ટના કારણે થવાની આશા છે.



ભૂરાજનીતિક જોખમોમાં વધારો, વૈશ્વિક વેપારની પેટર્નમાં બદલાવ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે AIના ઉછાળા સાથે જોડાયેલા નાણાકીય જોખમોની ચિંતા વચ્ચે યુએનસીટીએડીનું અનુમાન આવ્યું છે.

યુએનસીટીએડી એ રિપોર્ટમાં જણાવ્યું છે કે, ૨૦૨૬માં વૈશ્વિક આર્થિક વિકાસમાં એશિયાનું યોગદાન ૫૯ ટકા રહેવાનું અનુમાન છે. જેમાં ભારતની ગ્રોથ રેટ સૌથી વધુ ૭.૩ ટકા રહેશે. આ સિવાય ચીનની ૪.૫ ટકા અને ઇન્ડોનેશિયાની ૫.૨ ટકા રહેવાની આશા છે. આ અનુમાન વેસ્ટ એશિયા સંકટ અને ઊર્જાના ભાવવધારાથી વ્યાપક અર્થવ્યવસ્થા પર પડી રહેલા દબાણ વચ્ચે ગ્લોબલ ગ્રોથને સમર્થન આપવામાં એશિયાની ભૂમિકાને રજૂ કરે છે.

રિપોર્ટમાં અમેરિકા-ચીન વચ્ચે તણાવ ચાલુ રહેવાથી વેપાર બદલાય તેવી શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. યુએનસીટીએડી એ કહ્યું કે, ૨૦૨૪થી ચીન અને સંયુક્ત રાજ્ય અમેરિકા વચ્ચે વેપારમાં ૨૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જ્યારે પૂર્વી એશિયા અને ચીન અને ઉત્તર અમેરિકા બંને સાથે વેપારનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

એજન્સી તરફથી ચેતવણી આપવામાં આવી છે કે, વેપાર અને રોકાણ પર લાગેલા પ્રતિબંધોને કારણે નવી કંપનીઓ માટે પ્રવેશ કરવો અઘરો બની રહ્યો છે. યુએનસીટીએડી ના જણાવ્યા પ્રમાણે, નિર્યાત નિયંત્રણ, રોકાણની તપાસ અને સપ્લાય ચેનની સ્તિતિ નવી એન્ટ્રી લેનારા બિઝનેસ માટે જટીલ બની રહ્યું છે.

ઊર્જાના ભાવને લઈને અમેરિકા-ચીન વચ્ચે તણાવના અસરનો ઉલ્લેખ કરતા એજન્સીએ AIના વધતા ઉપયોગથી વેપારની તક અને નાણાકીય જોખમો અંગે આગાહી કરી છે. યુએનસીટીએડી ના જણાવ્યા પ્રમાણે, સેમિકન્ડક્ટર સહિત એઆઈથી સંબંધિત ઉત્પાદન, માલ વેપારના મુખ્ય ચાલક સ્વરૂપે ઊભરી આવ્યો છે. જો કે, એઆઈ સાથે જોડાયેલા વેપારમાં ગ્રોથનો મતલબ એ નથી કે, વ્યાપક વિકાસમાં જાતે જ લાભ થઈ જાય.

રિપોર્ટમાં એ પણ ચેતવણી આપવામાં આવી છે કે, એઆઈની વધતી લોકપ્રિયતા નાણાકીય સ્થિરતા માટે જોખમ પેદા કરી શકે છે. કારણ કે બજાર ઝડપથી કોઈ કંપનીઓ પર નિર્ભર થઈ રહ્યા છે. જો કે, એજન્સીએ આ કંપનીઓના નામ અંગે કોઈ ખુલાસો કર્યો નથી.



અમે ફરી માર્ગો પર ઊતરીશું, ભાજપ-RSSથી ડરીશું નહીં

CJP બાદ રાહુલ પણ મેદાને

નવી દિલ્હી, તા.૧૧

કોકરોચ જનતા પાર્ટીના ત્રણ આગેવાનોની અટકાયત બાદ હવે આ આંદોલન વધુ તેજ બન્યું છે. ઈઉંડએ સ્પષ્ટ કર્યું છે કે વિરોધ પ્રદર્શન અટકશે નહીં. આ દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતાએ પણ જાહેરાત કરી છે કે INDIA ગઠબંધન અને દેશના યુવાનો ફરીથી રસ્તા પર ઊતરીને દેશભરમાં અવાજ ઉઠાવશે.

અભિજીત દીપકે, આશુતોષ રાંકા અને સૌરવ દાસની અટકાયત કરવામાં આવ્યા પછી CJPના વિરોધ પ્રદર્શનની કમાન અજિંક્ય શિંદેને સોંપવામાં આવી છે. તેમણે જાહેરાત કરી છે કે રવિવારે પણ વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે અને લડત આગળ ધપાવવામાં આવશે.

રાહુલ ગાંધી એ જણાવ્યું કે, 'અમિત શાહની દિલ્હી પોલીસ ગુંડાગીરી પર ઊતરી આવી છે અને RSS-BJP ને મહિલાઓ તેમજ યુવાનો પર હિંસા કરવાની છૂટ આપી રહી છે. નરેન્દ્ર મોદી અને તેમની સરકાર જનતાને જેટલી દબાવશે, Gen Z અને વિદ્યાર્થીઓનો આક્રોશ એટલો જ વધશે.'

રાહુલે જાહેરાત કરી હતી કે, '૧૨ ઓક્ટોબરે કોંગ્રેસ, સમગ્ર INDIA ગઠબંધન અને યુવાનો મોટી સંખ્યામાં માર્ગો પર ઊતરશે. તંત્ર ભલે ૧૦૦૦૦, ૨૦૦૦૦ કે ૪૦૦૦૦ પોલીસકર્મીઓ અને ભાજપ-RSS ના લોકોને બોલાવી લે, અમે ડરવાના કે પાછળ હટવાના નથી. સોમવારે મુખ્ય ન્યાયાધીશને મળીને રજૂઆત કરાશે કે દિલ્હીમાં બંધારણ અને લોકતંત્ર કચડાઈ રહ્યું છે ત્યારે કાયદાના રક્ષકો ચૂપ બેસી ન શકે.' તેમણે વધુમાં જણાવ્યું કે તેઓ વિરોધીઓને સારી રીતે ઓળખે છે અને હવે તેમની પકડ ઢીલી પડી રહી છે. કોંગ્રેસ બુધવારથી શુક્રવાર સુધી દિલ્હીમાં આંદોલન કરી રહી હતી. જોકે, શનિવારે જ્યારે CJP એ જંતર-મંતર પર વિરોધ કરવાનો પ્રયાસ કર્યો અને સમગ્ર દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું ત્યારે કોંગ્રેસે પ્રત્યક્ષ રીતે આંદોલનથી અંતર રાખ્યું હતું. જોકે પક્ષે નિવેદનો દ્વારા ભાજપ અને કેન્દ્ર સરકાર પર પ્રહારો ચાલુ રાખ્યા હતા. તે દિવસે વિપક્ષી નેતા ચેન્નાઈમાં આયોજિત વિદ્યાર્થીઓના એક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા.

વડાપ્રધાન અમિત શાહ પર ગંભીર આક્ષેપો : જંતર-મંતર પ્રદર્શન પહેલાં અટકાયતમાં લેવાયેલા નેતાઓની મુક્તિ બાદ પ્રેસ કોન્ફરન્સમાં દિલ્હી પોલીસ પર અપહરણ અને ફોન હેકિંગના આરોપ

EC જ્ઞાનેશ કુમાર ભાજપને જીતાડવા એક્ટીવ : CJP



નવી દિલ્હી, ટા.૧૧

નવી દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રદર્શન કરવા જઈ રહેલા કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) ના ત્રણ ટોચના નેતાઓ અભિજીત દીપકે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને દિલ્હી પોલીસે અટકાયતમાં લીધા બાદ રવિવારે સવારે ખાસ કાર્યકારી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરીને મુક્ત કર્યા છે. આ ત્રણેય નેતાઓને એક વર્ષ સુધી શાંતિ ભંગ ન કરવાની કડક શરતે અને ૫૦,૦૦૦ રૂપિયાના બોન્ડ પર મુક્તિ આપવામાં આવી છે. કસ્ટડીમાંથી છૂટ્યા બાદ સીજેપી ના સંસ્થાપક અભિજીત દીપકે તાત્કાલિક મહારાષ્ટ્રના હિંગોલી સ્થિત પોતાના વતન જવા રવાના થઈ ગયા હતા, કારણ કે શનિવારે તેમના દાદીનું નિધન થયું હતું અને તેઓ અંતિમ દર્શન માટે પહોંચવા માંગતા હતા. બીજી તરફ, મુક્તિ મળ્યા બાદ આશુતોષ રાંકા અને સૌરવ દાસે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરીને સરકાર અને પોલીસ પ્રશાસન પર આકરા પ્રહારો કર્યા હતા.

પત્રકાર પરિષદને સંબોધતા સૌરવ દાસે અત્યંત ગંભીર આરોપો લગાવતા કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના ઈશારે સીજેપી ના કાર્યકર્તાઓ સાથે ભારે બર્બરતા આચરવામાં આવી છે. તેમણે દેશમાં માનવાધિકાર આયોગની કામગીરી સામે પણ સીધા સવાલો ઉઠાવતા કટાક્ષ કર્યો હતો કે શું આયોગ અત્યારે સુઈ ગયું છે? સૌરવ દાસે દિલ્હી પોલીસની કાર્યવાહીને કાયદેસરની ગિરફ્તારી નહીં પરંતુ પોતાનું અપહરણ ગણાવ્યું હતું. એટલું જ નહીં, તેમણે દાવો કર્યો હતો કે પોલીસે તેમના મોબાઈલ ફોન જમ કર્યા બાદ તેને સંપૂર્ણપણે હેક પણ કરી લીધા છે. તેમણે સીજેપી ના મંચ પરથી દેશની હાલની પરિસ્થિતિની સરખામણી પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધીના સમયગાળા સાથે કરતા જણાવ્યું હતું કે દેશમાં અત્યારે કાગળ પરની કટોકટી એટલે કે ઈમરજન્સી કરતા પણ વધુ ખરાબ હાલત પ્રવર્તી રહી છે.

આ જ પ્રેસ કોન્ફરન્સમાં આશુતોષ રાંકાએ પણ કેન્દ્ર સરકાર પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. તેમણે ખુલ્લો આક્ષેપ કર્યો હતો કે નરેન્દ્ર મોદી અને અમિત શાહ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જ્ઞાનેશ કુમારને રક્ષણ પૂરું પાડવા માટે જ પીએમ મોદી અને શાહના ઈશારે લોકોની અટકાયતો કરવામાં આવી રહી હોવાનો દાવો કરતા રાંકાએ ઉમેર્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ને ચૂંટણીઓ જિતાડવા માટે જ કામ કરી રહ્યા છે.

રિયાધ એરપોર્ટ પર હુથીઓનો હુમલો


અમેરિકન નાગરિક સહિત ૧૨ના મોત, ૩૦૯ થી વધુ નાગરિકો ગંભીર રીતે ઘાયલ

નવી દિલ્હી, તા.૧૧

સાઉદી અરેબિયાની રાજધાની રિયાદ સ્થિત અત્યંત સુરક્ષિત ગણાતા કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર ઈરાન સમર્થિત હુથી બળવાખોરોઓએ એક પછી એક ભયાનક મિસાઈલ અને ડ્રોન હુમલા કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચાવી દીધો છે. માત્ર એક જ સપ્તાહમાં આ એરપોર્ટ પર ત્રીજી વખત મોટો હુમલો થતાં સાઉદી સલ્તનતમાં ફફડાટ વ્યાપી ગયો છે અને એરપોર્ટનું સંચાલન તાત્કાલિક ધોરણે અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શનિવારે બપોરે થયેલા આ ઘાતક હુમલાને કારણે એરપોર્ટના વ્યસ્ત ટર્મિનલ-૩ અને ટર્મિનલ-૪ ને સીધું નિશાન બનાવવામાં આવ્યું હતું. ધડાકાના ભયાનક અવાજો સાથે આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયોમાં ટર્મિનલની અંદર કાટમાળ, વિખરાયેલી ધૂળ અને ભયના માર્યા મુસાફરો ભાગદોડ કરતા નજરે પડી રહ્યા છે. આ અતિ-ગંભીર હુમલામાં અત્યાર સુધીમાં ૧૨ નિર્દોષ લોકોના કાળમુખા મોત નીપજ્યા છે, જ્યારે ૩૦૯ થી વધુ નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

સાઉદી સિવિલ એવિએશન ઓથોરિટીના સત્તાવાર આંકડા મુજબ, આ લોહીયાળ હુમલામાં ભોગ બનેલાઓમાં ૪ સાઉદી નાગરિકો, બાંગ્લાદેશના ૨ નાગરિકો ઉપરાંત અમેરિકા,



જોર્ડન, પેલેસ્ટાઈન, સીરિયા, સુદાન અને ઇજિપ્તના એક-એક નાગરિકનો સમાવેશ થાય છે. આ ભયાનક સ્થિતિને જોતા રિયાદ સ્થિત અમેરિકી દૂતાવાસે તાત્કાલિક ધોરણે સુરક્ષા ચેતવણી જાહેર કરી દીધી છે અને અમેરિકન નાગરિકોને એરપોર્ટ તથા તેની આસપાસના વિસ્તારોથી દૂર રહેવાની કડક સૂચના આપી છે.

સતત હુમલાઓના કારણે સાઉદી એરસ્પેસ પર ગંભીર જોખમ તોળાઈ રહ્યું છે. ફ્લાઈટ ટ્રેકિંગ સર્વિસ 'ફ્લાઈટ રડાર-૨૪' ના ડેટા મુજબ, એરપોર્ટ પરથી તમામ ફ્લાઈટ્સનું ટેક-ઓફ અને લેન્ડિંગ રોકી દેવામાં આવ્યું છે. રિયાદ આવતી અનેક આંતરરાષ્ટ્રીય ઉડાનોને અન્ય એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી છે અથવા તો વિમાનોને પરત મોકલી દેવાયા છે.આ હુમલો સાઉદી અરેબિયાના તેલ માર્ગો અને સુરક્ષા વ્યવસ્થાને ચોતરફથી ચોક (બ્લોક) કરવાના હુથીઓના ષડયંત્રનો જ એક ભાગ હોવાનું મનાઈ રહ્યું છે, જેના કારણે મિડલ ઈસ્ટમાં ફરી એકવાર ત્રીજા વિશ્વયુદ્ધ જેવા તણાવના વાદળો ઘેરાયા છે.

સમગ્ર દિલ્હીમાંથી બેરિકેડ્સ હટાવો : સુપ્રીમ

CJPના દેખાવો વચ્ચે સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ, ગૃહ મંત્રાલયને ફટકારી નોટિસ

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હીના જંતર-મંતર પર ૧૦ ઓક્ટોબરે યોજાયેલા વિરોધ પ્રદર્શન બાદ સ્થિતિ વણસતાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ. પ્રદર્શન દરમિયાન વકીલો અને સામાન્ય નાગરિકોની અટકાયત તેમજ મેટ્રો સેવાઓ પ્રભાવિત થવા અંગે દાખલ થયેલી અરજીઓ પર જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેંચે મોટો આદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે, સમગ્ર દિલ્હીમાંથી તત્કાલ બેરિકેડ્સ હટાવવામાં આવે, મેટ્રો સેવાઓ નિયમિત સમયપત્રક મુજબ ચલાવવામાં આવે અને ઈન્ટરનેટ સેવાઓ બંધ ન કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે આદેશનું પાલન ન કરવાના આરોપ હેઠળ ગૃહ મંત્રાલયના સંબંધિત અધિકારીઓને નોટિસ ફટકારી હતી. સવાલ પણ પૂછ્યો કે તેમની



સામે અવગણનાની કાર્યવાહી કેમ ના કરવી જોઈએ. આ મામલે સોગંદનામુ દાખલ કરવા પણ કહેવાયું છે. સુપ્રીમ કોર્ટે CJP પ્રદર્શન મામલે સુનાવણી કરતા આદેશ આપ્યો છે કે દિલ્હીમાં લોકોની અવરજવર રોકી શકાતી નથી. કોર્ટે મેટ્રોનું સંચાલન સામાન્ય રાખવા, ઈન્ટરનેટ સેવાઓ બહાલ કરવા, વકીલોને નહીં રોકવા અને શહેરભરમાંથી પોલીસ બેરિકેડિંગ હટાવી તેની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. એસજી તુષાર મહેતાએ જણાવ્યું કે શનિવારે ૩૦૩ માંથી માત્ર ૪૫ મેટ્રો સ્ટેશન જ બંધ કરાયા હતા.

સુનાવણી દરમિયાન કોર્ટરૂમમાં વકીલો અને પોલીસ અધિકારીઓ વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. વકીલોએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે પ્રદર્શન દરમિયાન ૧૦ ઓક્ટોબરે પોલીસે વકીલો સાથે મારપીટ કરી હતી અને સુપ્રીમ કોર્ટ પરિસરમાં પણ પોલીસની હાજરી સામે આપત્તિ દર્શાવી હતી. શરૂઆતમાં કોર્ટરૂમ નંબર ૧૮માં વીડિયો કોન્ફરન્સિંગ લિંક કામ ન કરતી હોવાથી વકીલોની રજૂઆત બાદ સુનાવણી ૧૫ મિનિટ સ્થગિત કરી કોર્ટરૂમ નંબર ૫માં ખસેડવામાં આવી હતી.

જસ્ટિસ બાગચીએ દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC) પાસે એ તમામ મેટ્રો સ્ટેશનોનો નકશો માંગ્યો છે જ્યાં એન્ટ્રી અને એક્ઝિટ બંધ કે મર્યાદિત કરવામાં આવ્યા હતા. અદાલતે પૂછ્યું કે, શરૂઆતમાં ૫૭ સ્ટેશનો બંધ કરવાનો પ્રસ્તાવ હતો, તો પછી ૪૫ સ્ટેશનો પર નિયંત્રણ કેમ લાદવામાં આવ્યા? મુસાફરોની અવરજવર પર પડેલી અસરની સમીક્ષા કરવા માટે કોર્ટે આ વિગતો માંગી છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું કે ગઈરાત્રે ૧૦ વાગ્યા સુધીમાં તમામ મેટ્રો સ્ટેશનો ખોલી દેવામાં આવ્યા હતા.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે દિલ્હી મેટ્રોના કુલ ૩૦૩ સ્ટેશનોમાંથી માત્ર ૪૫ સ્ટેશનો પર જ પ્રવેશો મર્યાદિત કરાયા હતા અને આસપાસના સ્ટેશનો કાર્યરત હતા. તેમણે જણાવ્યું કે સામાન્ય સમયપત્રક મુજબ ૭,૯૮૧ ટ્રેન ટ્રિપ્સ ચાલી હતી. આ ઉપરાંત, બપોરે ૨ વાગ્યે પ્રદર્શન સ્થળેથી લોકોને ખસેડાયા બાદ સાંજે ૬ વાગ્યા સુધીમાં મુક્ત કરી દેવામાં આવ્યા હતા, તેથી હેબિયસ કોર્પસ અરજીની જરૂર નથી.

સિનિયર એડવોકેટ મેનકા ગુરુસ્વામી અને શોએબ આલમ અદાલતમાં રજૂઆત કરી હતી કે મેટ્રો અને ટ્રેનો અટકાવવાથી નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે. તેમણે દાવો કર્યો કે ૩ પૂર્વ મુખ્યમંત્રીઓ, વિપક્ષી નેતાઓ, પત્રકારો, વકીલો અને સામાન્ય નાગરિકો સહિત ૭,૦૦૦ થી વધુ લોકોની ગેરકાયદે અટકાયત કરવામાં આવી હતી અને ૪૫ જેટલા અટકાયત કેન્દ્રો બનાવાયા હતા. તેમણે આ સ્થિતિની સરખામણી ઈમરજન્સી સાથે કરીને બંધારણીય અધિકારોના રક્ષણની માંગ કરી હતી.

વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ, ગોપાલ શંકરનારાયણન અને શાદાન ફરાસતે જણાવ્યું કે શાંતિપૂર્ણ રીતે જઈ રહેલા વકીલોને ચાલુ બસમાં ફેંકી દેવાયા અને ચેમ્બરમાંથી પણ અટકાયત કરવામાં આવી. સુપ્રીમ કોર્ટ બારના પ્રતિનિધિઓએ આ ઘટનાઓની તસવીરો અને પુરાવા રેકોર્ડ પર લેવા વિનંતી કરી હતી. અદાલતે તમામ પક્ષોને શાંતિ જાળવવા તાકીદ કરી હતી અને ઘટનાઓના વીડિયો તથા સ્ક્રીનશોટ્સ રેકોર્ડ પર મૂકવા નિર્દેશ આપ્યો હતો.

જીવનશૈલીમાં સુધારો નહીં, તો રોગોનો બનશો ભોગ

ખરાબ જમવાની આદતોના પગલે, લીવરમાં વધારાની ચરબી જમા થાય છે, જેના કારણે ફેટી લીવરની સમસ્યા ઉદ્ભવે છે

રાજકોટ, તા. ૧૧

ખરાબ ખાવાની આદતો લીવરમાં વધુ પડતી ચરબી જમા થવા તરફ દોરી જાય છે, જેના કારણે ફેટી લીવર બને છે. જ્યારે લીવરના કોષોમાં ફેટી એસિડ અને ટ્રાઇગ્લિસરાઇડ્સ વધે છે, ત્યારે લીવર ફેટી થઈ જાય છે, જેના કારણે ગૂંચવણો ઉભી થાય છે. આપણી ખાવાની આદતો અને જીવનશૈલી આપણા સ્વાસ્થ્ય પર નોંધપાત્ર અસર કરે છે. ખરાબ જીવનશૈલી વિવિધ રોગો તરફ દોરી શકે છે, જેની આપણા સ્વાસ્થ્ય પર ઊંડી અસર પડે છે. ખાવાની આદતો લીવર, પેટ, આંતરડા અને કિડનીને અસર કરે છે. ફેટી લીવરની સમસ્યાઓ આહારની અનિયમિતતાને કારણે થાય છે. ફેટી લીવરની સારવાર માટે, તમારે તમારા આહારમાં ચોક્કસ જરૂરી ખોરાકનો સમાવેશ કરવાની જરૂર છે. ફેટી લીવર પરીક્ષણો દ્વારા શોધી શકાય છે. એક તપેલીમાં લગભગ ૨ કપ પાણી ગરમ કરો. પીસેલી એલચી અને ધાણાના પાન ઉમેરો. સવારે ખાલી પેટે અથવા રાત્રે સૂતા પહેલા આ ચા પીવાથી સકારાત્મક પરિણામો મળશે.

ધાણા પાચન ઉત્સેચકો વધારે છે, પાચનમાં સુધારો કરે છે. ધાણા એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે, જે લીવરના સ્વાસ્થ્યમાં ફાળો આપે છે. ધાણાના પાનમાં જોવા મળતો રસ લીવરને ડિટોક્સિફાય કરે છે. ધાણામાં જોવા મળતા વિટામિન અને ખનિજો લીવરને સુધારવામાં મદદ કરે છે. ખરાબ ખાવાની આદતો લીવરમાં વધુ પડતી ચરબી જમા થવા તરફ દોરી શકે છે, જેના કારણે ફેટી લીવર બને છે. જ્યારે લીવરના કોષોમાં ફેટી એસિડ અને ટ્રાઇગ્લિસરાઇડ્સ વધે છે, ત્યારે લીવર ફેટી થઈ જાય છે, જેનાથી ગૂંચવણો ઊભી થાય છે.

સંતુલિત આહાર એ જીવનશૈલીના રોગો સામે તમારા રક્ષણની પહેલી હરોળ છે. ફળો અને શાકભાજીનો વધુ સમાવેશ કરવો, શુદ્ધ અનાજ કરતાં આખા અનાજ પસંદ કરવા અને ખાંડ અને મીઠાનું સેવન ઓછું કરવા જેવા નાના ફેરફારો મોટો ફરક લાવી શકે છે. તમારા આહારમાં સંયમ અને વિવિધતા જાળવવી મહત્વપૂર્ણ છે. નિયમિત કસરત એ નિવારક આરોગ્યસંભાળનો પાયો છે. પછી ભલે તે નિયમિત કસરત હોય કે ચાલવા જેવી સરળ દૈનિક પ્રવૃત્તિઓ, શારીરિક પ્રવૃત્તિ વજન વ્યવસ્થાપન અને હૃદયના સ્વાસ્થ્યમાં ફાળો આપે છે. ક્રોનિક તણાવ જીવનશૈલીના રોગો તરફ દોરી શકે છે. ધ્યાન, યોગ અથવા માઇન્ડફુલનેસ જેવી તણાવ-ઘટાડાની તકનીકોનો અભ્યાસ કરવાથી તમારા તણાવનું સ્તર ઘટી શકે છે અને તમારા સ્વાસ્થ્યનું રક્ષણ થઈ શકે છે. તમારા માટે શ્રેષ્ઠ શું કામ કરે છે તે શોધવું અને તેને તમારા દિનચર્યાનો નિયમિત ભાગ બનાવવું મહત્વપૂર્ણ છે.

જીવનશૈલી અને દૈનિક પ્રવૃત્તિઓમાં નાના ફેરફારો જીવનશૈલીના રોગોને રોકવામાં મદદ કરી શકે છે. તમારા આહારનું ધ્યાન રાખવું, નિયમિતપણે કસરત કરવી, તણાવ ઓછો કરવો અને પૂરતો આરામ કરવો ઘણા રોગોનું જોખમ ઘટાડી શકે છે. ચોક્કસ અને પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યો લખવાથી પણ પ્રેરણા મળી શકે છે. આપણા આહારનું ધ્યાન રાખવું, સ્વસ્થ ખાવાની આદતો અપનાવવી અને સક્રિય રહેવું એ આપણી જવાબદારી છે. ફોન પર વાત કરતી વખતે ઉભા રહેવું અથવા લંચ બ્રેક દરમિયાન થોડું ચાલવું જેવી નાની આદતો પણ જીવનશૈલીના રોગો સામે લડવામાં મદદ કરી શકે છે. બધી પરિસ્થિતિઓમાં સર્જરીની જરૂર હોતી નથી, પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં, સારા સ્વાસ્થ્ય જાળવવા માટે દૈનિક વર્તણૂકોમાં ફેરફાર કરવા પૂરતા છે.



બેચેની, ગભરાટ અને સતત ડર લાગવા પાછળનું કારણ શું?

આવતા ચિહ્નોને અવગણશો નહીં તે ચિંતાના લક્ષણો હોઈ શકે



રાજકોટ, તા. ૧૧

શું તમે તાજેતરમાં થોડા ''અજીબ'' અનુભવી રહ્યા છો? અસ્પષ્ટ ગભરાટ, વારંવાર પગ હલાવવા, અથવા સતત કંઈક વિશે વિચારવું એ બધા સંકેતો હોઈ શકે છે કે તમે અજાણતાં ચિંતા અનુભવી રહ્યા છો. આજના ઝડપી અને સ્પર્ધાત્મક વિશ્વમાં, માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખાસ કરીને જનરેશન ણ ની પ્રામાણિકતા અને ખુલ્લાપણા, માનસિક સ્વાસ્થ્યને વાતચીતનો એક ભાગ બનાવી દીધું છે. ચિંતા વિશે સૌથી ખતરનાક બાબત એ છે કે તે ઘણીવાર આપણા જીવનમાં ધીમે ધીમે પ્રવેશ કરે છે, કોઈ મોટી ચેતવણી વિના. નવી દિલ્હીની ઇન્દ્રપ્રસ્થ એપોલો સાર્થક માનસિક સ્વાસ્થ્ય સેવાઓના સલાહકાર મનોચિકિત્સક ડો. શૈલેષ ઝા સમજાવે છે કે જ્યારે ચિંતા થાય છે, ત્યારે શરીર કાલ્પનિક ખતરાનો સામનો કરવા માટે તૈયાર થાય છે. તે સામાન્ય રીતે એક ઉત્તેજક વિચાર અથવા માનસિક છબી દ્વારા ઉશ્કેરવામાં આવે છે જેને મન ખતરા તરીકે ઓળખે છે. આ પછી એડ્રેનાલિન અને કોર્ટિસોલ જેવા તણાવ હોર્મોન્સ મુક્ત કરે છે, જે ઝડપી ધબકારા, પરસેવો અને ચક્કર જેવા લક્ષણો તરફ દોરી શકે છે. તે આગળ સમજાવે છે કે આ લક્ષણો વ્યક્તિને ડરાવે છે અને તે તેમને ગંભીર સમજવા લાગે છે, જે ભયનું ચક્ર શરૂ કરે છે.

આ ભય પછી શારીરિક લક્ષણોને ઉત્તેજિત કરે છે, અને લક્ષણો બદલામાં ભયમાં વધારો કરે છે. આ પ્રતિક્રિયા લૂપ ગભરાટ ભર્યા હુમલા અથવા ચિંતા ડિસઓર્ડર તરફ દોરી શકે છે. ચિંતા કોઈપણ વ્યક્તિને અસર કરી શકે છે, પછી ભલે તે ગમે તેટલી સફળ, મજબૂત અથવા ખુશ દેખાય. તે નબળાઈ નથી, પરંતુ માનવ અનુભવનો એક ભાગ છે. તેઓ એ પણ સમજાવે છે કે જીવનમાં પરિવર્તન, કામનો તણાવ, કૌટુંબિક સમસ્યાઓ અથવા સ્વાસ્થ્ય ચિંતાઓ તેને ઉત્તેજિત કરી શકે છે. ડો. ઝાના મતે, લગભગ ૧૯% પુખ્ત વયના લોકો દર વર્ષે ચિંતા ડિસઓર્ડર વિકસાવે છે, અને ૩૧% લોકો તેમના જીવનમાં કોઈને કોઈ સમયે તેનો અનુભવ કરે છે.

નાના સંકેતો જેને આપણે ઘણીવાર અવગણીએ છીએ. ડો. વાસુદેવ કહે છે કે કેટલીકવાર આપણે સામાન્ય જીવનશૈલીની આદતોને ચિંતા સમજી લઈએ છીએ, જેમ કે સામાજિક કાર્યક્રમો ટાળવા, કામમાં વિલંબ કરવો, સતત બીજાઓ પાસેથી આશ્વાસન મેળવવું, અસ્પષ્ટ થાક અથવા માથાનો દુખાવો. ડો. ઝા ઉમેરે છે, ''તમારા ફોનને સતત તપાસવો, નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવવી, નાની ભૂલો પર વધુ પડતું વિચાર કરવો, અથવા અન્ય લોકો પર બૂમો પાડવી એ પણ ચિંતાના સંકેતો હોઈ શકે છે. ઊંઘનો અભાવ, અપચો, વારંવાર વિરામ, અથવા 'શું થાય તો...' જેવા વિચારો પણ ચિંતાના સંકેતો હોઈ શકે છે.'' ડો. ચાંધોકના મતે, દરેક વસ્તુ પર નિયંત્રણ રાખવાની જરૂરિયાત અનુભવવી, નખ કરડવું, બેચેની અને સ્થિર બેસી ન શકવું એ પણ ચિંતાના સંકેતો હોઈ શકે છે. જો તમે તાજેતરમાં વારંવાર બેચેની, ગભરાટ અથવા વધુ પડતું વિચારવાનો અનુભવ કર્યો હોય, તો આ ચિંતાના પ્રારંભિક સંકેતો હોઈ શકે છે. માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવું હવે ફક્ત એક વિકલ્પ નથી, પરંતુ એક આવશ્યકતા છે.

ખતરનાક બેક્ટેરિયા પેટમાં છુપાયેલા હોઈ શકે જે ઉભી કરે છે તકલીફ

એસિડિટી હંમેશા ગેસને કારણે થતી નથી

રાજકોટ, તા. ૧૧

શું તમને વારંવાર હાર્ટબર્ન, ઓડકાર કે પેટનું ફૂલવું થાય છે? મોટાભાગના લોકો તેને ગેસની સામાન્ય સમસ્યા તરીકે નકારી કાઢે છે, રાહત માટે એન્ટાસિડ ટેબ્લેટ લે છે અને તેના વિશે ભૂલી જાય છે. વારંવાર એસિડિટી હંમેશા મસાલેદાર ખોરાક અથવા તણાવને કારણે થતી નથી; તે પેટમાં હેલિકોબેક્ટર પાયલોરી નામના બેક્ટેરિયાને કારણે પણ થઈ શકે છે. આ બેક્ટેરિયા પેટના અસ્તર પર આક્રમણ કરે છે અને ધીમે ધીમે તેને નુકસાન પહોંચાડે છે, જેના કારણે એસિડિટી, પેટના અલ્સર અને સતત હાર્ટબર્ન જેવી સમસ્યાઓ થાય છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે જો તેની તાત્કાલિક સારવાર ન કરવામાં આવે તો તે લાંબા ગાળે પેટના કેન્સરનું જોખમ વધારી શકે છે. આ ગેસ્ટ્રિક કેન્સરનું જોખમ નોંધપાત્ર રીતે વધારી શકે છે. વિશ્વ આરોગ્ય સંગઠને પણ તેને પેટના કેન્સરનું મુખ્ય કારણ તરીકે ઓળખાવ્યું છે.

જો તમને વારંવાર ગેસ અને એસિડિટીનો અનુભવ થાય છે, તો ગભરાવાની જરૂર નથી. હેલિકોબેક્ટર પાયલોરીને સરળ શ્વાસ પરીક્ષણ, રક્ત પરીક્ષણ અથવા એન્ડોસ્કોપી દ્વારા શોધી શકાય છે. જો આ બેક્ટેરિયા મળી આવે, તો એન્ટિબાયોટિક્સના ટૂંકા કોર્સ દ્વારા તેની સફળતાપૂર્વક સારવાર કરી શકાય છે. સૌથી સારી વાત એ છે કે આજની અદ્યતન એન્ડોસ્કોપી તકનીકો પેટના કેન્સરને તેના ખૂબ જ પ્રારંભિક તબક્કામાં શોધી શકે છે, જ્યારે સારવાર સરળ અને વધુ અસરકારક હોય છે. તેથી, જો લક્ષણો ચાલુ રહે તો સમયસર એન્ડોસ્કોપી કરાવવાથી જીવન બચી શકે છે. લાંબા સમય સુધી ગેસ, એસિડિટી અને હાર્ટબર્નને હળવાશથી ન લેવું જોઈએ. તે હેલિકોબેક્ટર પાયલોરી બેક્ટેરિયાથી થઈ શકે છે, જેની સમયસર સારવારની જરૂર છે.

શું તમને હાર્ટબર્ન, ખાટા ઓડકાર, પેટનું ફૂલવું અથવા ખાધા પછી ભારેપણું જેવી સમસ્યાઓનો અનુભવ થઈ રહ્યો છે? લોકો ઘણીવાર આ લક્ષણોને સામાન્ય ગેસ અથવા એસિડિટી તરીકે ફગાવી દે છે. જો અગવડતા તીવ્ર હોય, તો આપણે એન્ટાસિડ ટેબ્લેટ લઈએ છીએ અને રાહત મેળવીએ છીએ, પરંતુ પછી તેને ફરીથી અવગણીએ છીએ. જો કે, જો આ સમસ્યા વારંવાર આવે છે અને લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો તેની પાછળ અન્ય કારણો હોઈ શકે છે. ગેસ અથવા એસિડિટીનો અર્થ હંમેશા ઇ. ુહજ્ઞશિ ચેપ નથી. પરંતુ જો સમસ્યા ચાલુ રહે છે અને રાહત આપતી નથી, તો ડોક્ટરની સલાહ લેવી શ્રેષ્ઠ છે. આ ચિહ્નો પર ખાસ ધ્યાન આપોઃ લાંબા સમય સુધી સતત એસિડિટી અથવા હાર્ટબર્ન, ખાધા પછી સતત ભારેપણું અથવા હાર્ટબર્નની લાગણી, વારંવાર પેટમાં દુખાવો અથવા બળતરા, અચાનક ભૂખ ન લાગવી, સતત ઉલટી, ઝડપી વજન ઘટાડવું, ઉલટીમાં લોહી અને કાળા મળ. જો તમને આમાંના કોઈપણ ગંભીર લક્ષણોનો અનુભવ થાય, તો એવું ન માનો કે તે ફક્ત ગેસ છે અને ઘરે જ તેની સારવાર કરો. આવી સ્થિતિમાં, શક્ય તેટલી વહેલી તકે ડોક્ટરનો સંપર્ક કરો.




કલાકો સુધી બેસી રહેવાથી લોહી ગંઠાઈ જાય

સતત સ્ક્રીન ટાઇમ-ઓનલાઈન ગેમિંગ જેવી આદતો સ્વાસ્થ્ય માટે હાનિકારક : ડીપ વેઇન થ્રોમ્બોસિસનું વધે છે જોખમ

રાજકોટ, તા. ૧૧

ઓફિસમાં લાંબા સમય સુધી કામ કરવું, સતત સ્ક્રીન જોવી, મોબાઇલ ફોનનો ઉપયોગ કરવો, લાંબા સમય સુધી બેસવું અને ચાલવા પણ ન જવું એ બધા ભારતમાં ઘણા લોકોના સ્વાસ્થ્યમાં ફાળો આપે છે. ડોકટરોએ ચેતવણી આપી છે કે લાંબા સમય સુધી બેસવાથી પગની નસોમાં લોહીનો પ્રવાહ ધીમો પડી શકે છે. આ દિવસોમાં વિશ્વભરના લોકો સૌથી વધુ સમય સ્ક્રીન જોતા વિતાવે છે. આ વધતો જતો ટ્રેન્ડ વેસ્ક્યુલર સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી રહ્યો છે. વેસ્ક્યુલર નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે ડેસ્ક જોબ્સ, ઓનલાઈન ગેમિંગ અને ઘઝઝ પ્લેટફોર્મ પર નોનસ્ટોપ શો જોવાથી લોકો લાંબા સમય સુધી બેસી રહે છે. પગની નસોમાં લોહીનો પ્રવાહ ધીમો પડવાથી ડીપ વેઇન થ્રોમ્બોસિસ (DVT) જેવી સમસ્યાઓ થઈ શકે છે. વેસ્ક્યુલર સોસાયટી ઓફ ઈન્ડિયાએ લોકોને આ વિશે ચેતવણી આપી છે.



ડીપ વેઇન થ્રોમ્બોસિસ (DVT) એ એક એવી સ્થિતિ છે જેમાં શરીરની ડીપ વેઇન થ્રોમ્બોસિસ (DVT) જેવી સમસ્યાઓ થઈ શકે છે. આ સ્થિતિ સામાન્ય રીતે પગમાં થાય છે, જે સામાન્ય રક્ત પ્રવાહને વિક્ષેપિત કરે છે. જો સારવાર ન કરવામાં આવે તો, ગંઠાઈ ફેફસામાં જઈ શકે છે, જેના કારણે પલ્મોનરી ધમનીઓમાં અવરોધ પેદા થાય છે. વધુમાં, તે જીવલેણ જોખમ પણ ઊભું કરી શકે છે. અગાઉ, આ સ્થિતિ વૃદ્ધો અથવા હોસ્પિટલમાં દાખલ થવા સાથે સંકળાયેલી હતી. જોકે, લાંબા સમય સુધી બેસવા અને અન્ય પરિબળોને કારણે, હવે તે યુવાનોમાં પણ જોવા મળી રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે આ કસરતના અભાવ અને લાંબા સમય સુધી એક જ જગ્યાએ લાંબા સમય સુધી બેસવાને કારણે થઈ શકે છે.

સાયન્ટિફિક રિપોર્ટ્સમાં પ્રકાશિત થયેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે જે લોકો સૌથી વધુ બેઠાડુ રહેવાની આદતો ધરાવે છે તેમને વેનસ થ્રોમ્બોએમ્બોલિઝમ (VTE) નું જોખમ ૨૪ ટકા વધારે હતું. આ સ્થિતિમાં નસોમાં લોહી ગંઠાઈ જવાનો સમાવેશ થાય છે. અભ્યાસમાં સૂચવવામાં આવ્યું છે કે બેસવાથી ડીપ વેઇન થ્રોમ્બોસિસ થઈ શકે છે. વેસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જરી વિભાગના ડિરેક્ટર અને વડા ડો. તાપિશ સાહુએ સમજાવ્યું કે આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ (OPD) માં યુવાન દર્દીઓ મુખ્યત્વે વધુ પડતા સ્ક્રીન સમય અને બેઠાડુ વર્તનને કારણે લક્ષણો અનુભવી રહ્યા છે. લાંબા સમય સુધી ઓફિસ કામ, સતત સ્ક્રીન સમય અને ઓનલાઈન ગેમિંગ જેવી આદતો સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. આ ડીપ વેઇન થ્રોમ્બોસિસ (DVT), પગની નસોમાં લોહી ગંઠાઈ જવાનું જોખમ વધારી શકે છે. DVT, તેના લક્ષણો અને તેને રોકવા માટે કઈ સાવચેતીઓ જરૂરી છે તે વિશે જાણો.

કોઈ લક્ષણો ન હોય તો પણ, સ્વાસ્થ્ય તપાસ જરૂરી

લોકો રોજિંદા કાર્યોમાં એટલા વ્યસ્ત હોય છે કે કોઈપણ રોગના શરૂઆતના લક્ષણો પર ધ્યાન આપતા નથી, જે લાંબા સમયે ઊભા કરે છે અત્યંત વિકરાળ પ્રશ્નો

રાજકોટ, તા. ૧૧

આજના ઝડપી જીવનમાં, લોકો ઘણીવાર પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર બની જાય છે. આપણે આપણી રોજિંદા પ્રવૃત્તિઓમાં એટલા વ્યસ્ત હોઈએ છીએ કે આપણને કોઈ સુસ્તી કે બીમારીના શરૂઆતના સંકેતો દેખાતા નથી. આ જ કારણ છે કે, ગંભીર લક્ષણો દેખાય ત્યાં સુધીમાં, રોગ પહેલાથી જ આગળ વધી ચૂક્યો હોય છે. તેથી, સંપૂર્ણ શરીરની તપાસ કરાવવી એ એક મહત્વપૂર્ણ પગલું છે. આ આપણને કોઈપણ બીમારીને સમયસર શોધી કાઢવામાં અને સારવાર શરૂ કરવામાં મદદ કરે છે. સંપૂર્ણ શરીરની તપાસ કોઈપણ અંતર્ગત બીમારીને વહેલા શોધવામાં મદદ કરે છે. ઘણા રોગો કોઈપણ લક્ષણો વિના વિકસે છે, તેથી તપાસ તેમને વહેલા શોધવામાં મદદ કરે છે. આ સમયસર સારવાર અને ઝડપી સ્વસ્થતા માટે પરવાનગી આપે છે. તે સ્વાસ્થ્ય માટે રક્ષણાત્મક કવચ તરીકે કાર્ય કરે છે.

આપણે પ્રદૂષિત અને ઝેરી વાતાવરણમાં રહીએ છીએ, અને ખરાબ ખાવાની આદતો અને અસ્તવ્યસ્ત જીવનશૈલી વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓમાં ફાળો આપી રહી છે. વધુમાં, આનુવંશિક સમસ્યાઓ પણ આપણને ચોક્કસ રોગોના જોખમમાં મૂકે છે. આવી સ્થિતિમાં, ડોક્ટરની સલાહ સાથે હાથ ધરવામાં આવતી સંપૂર્ણ શરીરની તપાસ, સ્વાસ્થ્ય જોખમોનું મૂલ્યાંકન અને ઘટાડી શકે છે. કોઈપણ પરીક્ષણ અથવા સ્કેન કરાવતા પહેલા ડોક્ટરની સલાહ લેવી મહત્વપૂર્ણ છે. તે સમજાવે છે કે કેન્સરની તપાસ માટે કોઈ રક્ત પરીક્ષણ નથી. સ્ત્રીઓ માટે, સર્વાઇકલ કેન્સર માટે પેપ સ્મીયર અને સ્તન કેન્સર માટે મેમોગ્રામનો ઉપયોગ




થાય છે. જો કોઈ ધૂમ્રપાન કરે છે, તો તેઓ ફેફસાની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ઓછી માત્રામાં સીટી સ્કેન કરાવી શકે છે. બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને ઈસીજી જેવા પરીક્ષણો હૃદયની સ્થિતિ શોધી શકે છે. આ પરીક્ષણો હૃદય રોગને રોકવામાં મદદ કરે છે.

લીવર ફંક્શન ટેસ્ટ (LFTs) લીવરની સ્થિતિ અને હેપેટાઇટિસ જેવા રોગોનું નિદાન કરી શકે છે. કિડની ફંક્શન ટેસ્ટ (KFTs) કિડની રોગનું નિદાન કરી શકે છે. લિપિડ પ્રોફાઇલ ટેસ્ટ શરીરમાં કોલેસ્ટ્રોલ અને ટ્રાઇગ્લિસરાઇડનું સ્તર માપે છે. પેશાબ અને રક્ત પરીક્ષણો તેમના સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કરી શકે છે. કેલ્શિયમ અને વિટામિન ડીના સ્તરની તપાસ કરવાથી ઓસ્ટીયોપોરોસિસ જેવી સમસ્યાઓ શોધી શકાય છે. રોગની વહેલી તપાસ સારવાર કરવાનું સરળ બનાવે છે. આ યોગ્ય સમયે યોગ્ય પરીક્ષણો કરવા પર આધાર રાખે છે. આ તપાસ માત્ર રોગોને શોધવામાં મદદ કરતી નથી પણ તેમને વધુ ગંભીર બીમારીમાં આગળ વધતા અટકાવી શકે છે. તેથી, નિયમિત સંપૂર્ણ શરીરની તપાસ કરાવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે જેથી આપણે આપણા સ્વાસ્થ્યની યોગ્ય કાળજી લઈ શકીએ અને ભવિષ્યમાં ગંભીર સમસ્યાઓ ટાળી શકીએ. ઝડપી જીવનશૈલીને કારણે લોકો ઘણીવાર પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી દાખવે છે. આપણે આપણા રોજિંદા કાર્યોમાં એટલા વ્યસ્ત હોઈએ છીએ કે આપણને સુસ્તીના કોઈ સંકેતો કે બીમારીના શરૂઆતના સંકેતો દેખાતા નથી. આનો અર્થ એ થાય કે ગંભીર લક્ષણો દેખાય ત્યાં સુધીમાં રોગ પહેલાથી જ આગળ વધી ચૂક્યો હોય છે. તેથી, સંપૂર્ણ શરીરની તપાસ કરાવવી એ એક મહત્વપૂર્ણ પગલું છે.

મેટોડાની શાળામાં વિદ્યાર્થીઓના જન્મદિવસની ઉજવણી સામાજિક પહેલથી

પી એમ શ્રી શાળામાં શિક્ષણ-ટેકનોલોજીનો સમનવ્ય

રાજકોટ જિલ્લામાં સ્થિત શાળા વિદ્યાર્થી-વાલીઓ માટે આશીર્વાદ સમાન, કોમ્પ્યુટર લેબથી લઈ ડિજિટલ-સ્માર્ટ લર્નિંગની સુવિધા





રાજકોટ, તા. ૧૧

આજના સમયમાં જયારે શાળા અને શિક્ષણ એક વેપારનું માધ્યમ બની ગયું છે ત્યારે રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં આવેલ મેટોડા પી એમ શ્રી શાળા વાલી અને વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ સમાન છે. આ શાળામાં શિક્ષણ અને ટેક્નોલોજીનો સમનવ્ય જોવા મળે છે. એ ઉપરાંત દરેક વિદ્યાર્થીઓના જન્મદિવસ સામાજિક પહેલ સાથે ઉજવાય છે. આ શાળા કોમ્પ્યુટર લેબથી લઈ ડિજિટલ અને સ્માર્ટ લર્નિંગથી સજ્જ છે.

આ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ નાની ઉંમરથી જ પોતાની સામાજિક જવાબદારી પ્રત્યે સજાગ થાય એ માટે તેઓના જન્મદિવસે વૃક્ષારોપણ, પર્યાવરણનું જતન, માતા-પિતાની સેવા, પાણી બચાવો સહિતના સામાજિક સંકલ્પ લેવડાવમાં આવે છે.

અધવચ્ચેથી અભ્યાસ છોડનાર મજુર પરિવારના બાળકો પ્રાથમિકતા

આ શાળામાં મજુર પરિવારના બાળકો કે જેણે અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધો હોઈ એમને એડમિશન આપવામાં આવે છે. આ માટે કુલ ૨ શિક્ષકો આવા વિદ્યાર્થીઓને તાલીમ આપે છે. અને તેમનો શૈક્ષણિક વિકાસ થયા બાદ આગળના ધોરણમાં મોકલાય છે.

આ શાળાની બેન્ચ મધ્યસ્થ જેલના કેદીએ બનાવી છે

આ શાળામાં વિદ્યાર્થીઓ જે બેંચમાં બેસીને અભ્યાસ કરે છે એ મધ્યસ્થ જેલના કેદીએ બનાવી છે. રાજકોટના જિલ્લા વિકાસ અધિકારી બેંચ આ શાળાને ભેટ આપી છે. બેંચની ગુણવતા પણ ઉચ્ચ છે. આના બે ફાયદા થયા છે એક તો જેલના કેદીને રોજીરોટી મળી છે અને બીજું વિદ્યાર્થીઓને સુવિધા મળી છે તેમ શાળાના આચાર્ય જયેશભાઇ જોશીએ જણાવ્યું હતું.

ખાનગી શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓએ અહીં એડમિશન મેળવ્યું

આ શાળામાં અપાતા શિક્ષણમાં કોઈ જ બાંધછોડ કરવામાં આવતી નથી. તેમજ દરેક સ્ટાફ પણ અનુભવી છે. જેને કારણે બાળકો પર અભ્યાસનું કોઈ ભારણ આવતું નથી. આ વર્ષે ખાનગી શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓએ અહીં એડમિશન મેળવ્યું છે તેમ શાળાના શિક્ષકોએ જણાવ્યું છે.

શાળામાં છે આ સુવિધાઓ

૧) સ્માર્ટ ક્લાસરૂમ્સ : બાળકો ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી અઘરા વિષયો સરળતાથી સમજી શકે તે માટે ડિજિટલ બોર્ડ.

૨) વિજ્ઞાન અને ગણિતના પ્રયોગો માટે આધુનિક પ્રયોગશાળા : ગણિત અને વિજ્ઞાનના પ્રયોગો તેમજ સમીકરણ બાળકોને સમજમાં આવે એ માટે આધુનિક પ્રયોગશાળા છે. તેમજ નિયમિત સાયન્સ ફેર અને મેથ્સ ફેરનું પણ આયોજન થાય છે.

૩) કમ્પ્યુટર લેબ અને ગ્રીન સ્કૂલ કન્સેપ્ટ : બાળકો નાની ઉંમરથી જ ટેકનોલોજીથી પરિચિત થાય એ માટે કોમ્પ્યુટર લેબ અને પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તે માટે વૃક્ષા રોપણ અભિયાન આખુ વર્ષ ચાલુ રહે છે .

૪) રમત-ગમતના સાધનો અને કૌશલ્ય વિકાસ : અભ્યાસની સાથે રમત-ગમત અને ઇતર પ્રવૃત્તિઓ પર એટલો જ ભાર મૂકવામાં આવે છે.આ શાળાના બાળકો રમત ગમતમાં અનેક મેડલ પ્રાપ્ત કરી ચુક્યા છે.

૫) બાળકોના શૈક્ષણિક સ્તર અને તેઓને મળતી સુવિધાઓનું સતત નિરીક્ષણ : કહેવા માટે આ શાળા સરકારી છે પરંતુ આ શાળા ખાનગી શાળાને પણ ટક્કર મારે છે.જે માટે શાળાના બાળકોનું શૈક્ષણિક સ્તર અને મળતી સુવિધાનું સતત મોનેટરિંગ કરવામાં આવે છે.

અચાનક સત્તા આંચકી લેતા નોટરીઓ આંદોલનના રાહે

એફિડેવિટની સત્તા મામલતદાર-તલાટીને સોંપાતાં નોટરીઓમાં ભારે રોષ સરકારને ૫ દિવસનું અલ્ટીમેટમ, ₹૫૦ ના સ્ટેમ્પ માટે પણ હાઈકોર્ટના ધક્કા



રાજકોટ, તા. ૧૧

ગુજરાતમાં ભાડા વિધેયક કાયદાના વિરોધમાં વકીલોના આંદોલન બાદ હવે રાજ્યભરના નોટરીઓ પણ સરકાર સામે લડતના મૂડમાં આવી ગયા છે. સરકારે નોટરીઓ પાસેથી સોગંદનામા (એફિડેવિટ) અને દસ્તાવેજો કરવાની સત્તાઓ આંચકીને મામલતદાર અને તલાટીને સોંપી દેતાં નોટરીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે. અમદાવાદ ખાતે ન્યુ નોટરી ચેરિટેબલ એસોસીએશનની મળેલી બેઠકમાં નોટરીઓ તરફથી સરકારને સાફ ચેતવણી આપી દેવામાં આવી છે કે જો પાંચ દિવસમાં નોટરીઓના પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવવામાં આવે તો, નોટરીઓ દ્વારા રાજ્યના તમામ વકીલમંડળો અને રાજ્યભરના નોટરીઓને સાથ લઈ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

નોટરીઓ દ્વારા વિવિધ કાનૂની અને દસ્તાવેજી સેવાઓ પૂરી પાડવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓના એફિડેવિટ, આવકના દાખલા સંબંધિત એફિડેવિટ, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટના એફિડેવિટ, પાસપોર્ટ સંબંધિત એફિડેવિટ તેમજ ભાડાકરાર માટે જરૂરી મંજૂરી અને કરારો જેવી કામગીરીનો સમાવેશ થાય છે. જો કે, છેલ્લા ઘણા સમયથી સરકારે નોટરીઓ પાસેથી મોટાભાગની કામગીરી-સત્તા છીનવી લીધી છે અને મોટાભાગના આવા સોગંદનામાંની સત્તા મામલતદાર તેમજ તલાટીને આપી દીધી છે. મેરેજ રજિસ્ટ્રેશન એફિડેવિટની સત્તા પણ જે નોટરીઓ પાસે હતી તે એક નોટિફિકેશન દ્વારા બંધ કરી દેવાઈ છે અને તે માટે પક્ષકારોએ હવે સીધા મેજિસ્ટ્રેટ સમક્ષ જવું પડે છે.

સરકારના આવા વિવાદીત અને મનસ્વી નિર્ણયના કારણે આજે પરિસ્થિતિ એ થઈ છે કે નોટરીઓ પાસે જાણે કોઈ કામ જ રહ્યું નથી, અને જિલ્લા-તાલુકા કક્ષાના નોટરીઓ કામ માટે વલખાં મારી રહ્યા છે. વર્ષે દહાડે લાખોની સ્ટેમ્પનો વપરાશ થતો હોય છે અને હજારોની સંખ્યામાં આવા નોટરાઇઝ્ડ એફિડેવિટ્સ, કરાર, કોમર્શિયલ કોન્ટ્રાક્ટ સહિતના દસ્તાવેજો થતાં હોય છે. આ જ પ્રકારે, કોઈપણ લીગલ નોટરાઇઝ્ડ ડોક્યુમેન્ટ્સ પર ૫૦ રૂપિયાની સ્ટેમ્પ લગાવવી નોટરીઓ તેમજ વકીલો-પક્ષકારો માટે ફરજિયાત હોય છે. એટલું જ નહીં, ઘી કાંટા ફોજદારી કોર્ટથી લઈ ભદ્ર સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ સુધીની બધી કોર્ટો શહેર વિસ્તારમાં આવેલી છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે નોટરીઓ માટે આ સ્ટેમ્પ વિતરણ માટે શહેરી વિસ્તારમાં કોઈ વ્યવસ્થા જ નથી.

જેના કારણે નોટરીઓ તેમજ વકીલો-પક્ષકારોને આવી સ્ટેમ્પ ફરજિયાત લગાવવાની હોવાથી તે મેળવવા માટે છેક ગુજરાત હાઇકોર્ટ સુધી લાંબા થવું પડે છે. હાઇકોર્ટમાંથી પણ નોટરીઓને મર્યાદિત ટિકિટ અપાય છે, જેના કારણે નોટરીઓને હાઇકોર્ટ સુધીના વારંવારના ધક્કા અને મર્યાદિત ટિકિટની હાડમારી વેઠવાનો વારો આવ્યો છે. આ મામલે સરકારમાં વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી, ત્યારે આગામી દિવસોમાં આ મામલો વધુ ઉગ્ર બને તેવી પૂરી સંભાવના છે.

અર્વાચીન ગરબા ગ્રાઉન્ડસ બહાર લગાડ્યા 'લવ જેહાદથી સાવધાન'ના બેનરો : રેસકોર્સ, કાલાવડ રોડ સહિતના વિસ્તારોમાં લાગ્યા પોસ્ટર

નવરાત્રી નિમિત્તે હિન્દુ સંગઠનો આક્રમક મૂડમાં

રાજકોટ, તા. ૧૧

રંગિલા રાજકોટમાં ખેલૈયાઓ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે નવરાત્રી મહોત્સવ શરૂ થઈ ચૂક્યો છે. ત્યારે ગરબા આયોજનોમાં સામાજિક સુરક્ષા અને ધાર્મિક પવિત્રતા જાળવવા માટે શહેરના વિવિધ હિન્દુ સંગઠનો ભારે સક્રિય થઈ ગયા છે. અર્વાચીન ગરબા આયોજનો દરમિયાન ધાર્મિક ઓળખ છુપાવીને કે કાવતરાપૂર્વક યુવતીઓને જાળમાં ફસાવવાની ઘટનાઓ ન બને તે માટે હિન્દુ સંગઠનો દ્વારા સમગ્ર રાજકોટ શહેરમાં 'લવ જિહાદથી સાવધાન'ના પોસ્ટરો અને બેનરો લગાડીને એક વ્યાપક જાગૃતિ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

નવરાત્રીના પાવન પર્વ દરમિયાન કોઈ અણબનાવ ન બને તે માટે સંગઠનોએ શહેરના તમામ પ્રમુખ અને ધમધમતા વિસ્તારોને આવરી લીધા છે. ખાસ કરીને અર્વાચીન ગરબા માટે જાણીતા રેસકોર્સ રિંગ રોડ, નવા ૧૫૦ ફીટ રિંગ રોડ, કાલાવડ રોડ, વિરાણી ચોક તેમજ સામા કાંઠા વિસ્તાર સહિતના વિવિધ સ્થળોએ જાહેર રસ્તાઓ અને મુખ્ય ચોકો પર આ ચેતવણીરૂપ પોસ્ટરો મારી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, શહેરના તમામ મોટા અર્વાચીન ગરબા મહોત્સવના એન્ટ્રી ગેટ અને આયોજન સ્થળની બહાર જ ખાસ બેનરો મૂકવામાં આવ્યા છે, જેથી ગરબે રમવા આવતી યુવતીઓ અને





તેમના વાલીઓ પ્રવેશતાની સાથે જ સતર્ક થઈ જાય.

આ ઝુંબેશ પાછળનો મુખ્ય આશય એ છે કે ગરબાના બહાને શિકાર બનતી કે અસામાજિક તત્વોની જાળમાં ફસાતી યુવતીઓને સમયસર સાવચેત કરી શકાય. આયોજકો અને હિન્દુ સંગઠનોનું માનવું છે કે અર્વાચીન ગરબામાં મોટી સંખ્યામાં યુવાધન એકઠું થતું હોય છે, જેનો ગેરફાયદો ઉઠાવીને કેટલાક વિધર્મીઓ કે અસામાજિક તત્વો પોતાની ઓળખ છુપાવીને પ્રવેશ મેળવવાનો પ્રયાસ કરતા હોય છે. આથી જ આ વખતે આયોજન સ્થળની બહારથી જ કડક સંદેશ આપવાનું શરૂ કરી દેવાયું છે.

માત્ર પોસ્ટરો કે બેનરો લગાવવા પૂરતું મર્યાદિત ન રહેતા, હિન્દુ સંગઠનોએ આ વખતે ગ્રાઉન્ડ લેવલ પર પણ મજબૂત આયોજન ગોઠવ્યું છે. નવરાત્રીના નવે-નવ દિવસ દરમિયાન ગરબાના વિધિવત સમયથી લઈને મોડી રાત સુધી હિન્દુ સંગઠનોની મહિલા કાર્યકરો જુદા જુદા અર્વાચીન ગરબા સ્થળો પર ઝુમરૂ હાજર રહેશે. આ મહિલા કાર્યકરો ગરબા પરિસરમાં હાજર રહીને થતી દરેક પ્રવૃત્તિ અને શંકાસ્પદ હલચલ પર સીધી બાજ નજર રાખશે. જો કોઈ પણ જગ્યાએ જિહાદી કે અવાંછિત પ્રવૃત્તિ જણાશે તો મહિલા કાર્યકરો અને સંગઠનની ટીમ તુરંત જ તંત્ર અને આયોજકોના ધ્યાન પર લાવીને કાર્યવાહી કરાવશે.

નવરાત્રી પૂર્વે જ રાજકોટમાં હિન્દુ સંગઠનો દ્વારા શરૂ કરવામાં આવેલા આ કડક વલણથી સમગ્ર શહેરમાં ગરમાવો આવી ગયો છે અને આયોજકો પણ હવે સિક્યોરિટી તેમજ એન્ટ્રી પોઇન્ટ્સ પર ચેકિંગ પ્રક્રિયા વધુ સઘન બનાવવા મજબૂર બન્યા છે.

શહેરના હવામાનમાં પલટો : AQI ચિંતાજનક

ચોમાસાની વિદાય સાથે જ હવા થવા લાગી દૂષિત : ભેજનું પ્રમાણ ઘટતા એર ક્વોલિટી ઇન્ડેક્સ વધ્યો

રાજકોટ, તા. ૧૧

રાજકોટમાં હવામાનમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે, જ્યાં વરસાદી સિસ્ટમ સદંતર પૂર્ણ થતાં જ વાતાવરણ એકદમ શુષ્ક બન્યું છે અને હવામાં ભેજનું પ્રમાણ ઘટવાને કારણે શહેરના એર ક્વોલિટી ઇન્ડેક્સમાં સતત અને ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. ચોમાસાની વિદાય બાદ વાતાવરણમાંથી ભેજ ઓસરી જતાં અને ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાવાની શરૂઆત થતાં જ હવામાં રજકણો અને પ્રદૂષકોનું પ્રમાણ ઊંચે ગયું છે, જેની સીધી અસર શહેરના રહેણાંક તેમજ ઔદ્યોગિક વિસ્તારો પર પડી રહી છે.

શહેરના ધોકાઈ રહેલા ઔદ્યોગિક એકમો, સતત વધતી વાહનોની અવરજવર અને ખુલ્લા પ્લોટ્સ કે બાંધકામ સાઇટ્સ પરથી ઉડતી ધૂળ હવે શુષ્ક વાતાવરણના કારણે હવામાં જ અધ્ધર રહેવા લાગી છે, જેને લીધે પ્રદૂષણનું સ્તર સુરક્ષિત મર્યાદા વટાવી રહ્યું છે. આ બદલાતા મોસમી મિજાજ અને વધતા પ્રદૂષણને કારણે સામાન્ય નાગરિકો ઉપરાંત અસ્થમા, શ્વાસ અને એલર્જીના દર્દીઓ માટે મુશ્કેલીઓ વધી ગઈ છે. મોર્નિંગ વોક પર નીકળતા વડીલો અને બાળકોમાં ગળામાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ અને ખાંસી-શરદીની ફરિયાદો પણ સામે આવવા લાગી છે.

હવામાન નિષ્ણાતોનું માનવું છે કે




આગામી દિવસોમાં જ્યારે સત્તાવાર રીતે ઠંડીની જમાવટ થશે તે પહેલાંના આ સંક્રાંતિ કાળમાં પ્રદૂષણનું સ્તર ઊંચું જ રહેવાની સંભાવના છે. આવી સ્થિતિમાં, તંત્ર દ્વારા રસ્તાઓ પર નિયમિત પાણીનો છંટકાવ કરવામાં આવે અને બાંધકામ પ્રવૃત્તિઓ પર કડક નજર રાખી ધૂળના પ્રદૂષણને નિયંત્રિત કરવા યોગ્ય પગલાં લેવામાં આવે તે સમયની માંગ બની ગઈ છે, જેથી રાજકોટવાસીઓનું સ્વાસ્થ્ય સુરક્ષિત રહી શકે.

રાજકોટ શહેરમાં ઑક્ટોબર ૨૦૨૬ ના પ્રથમ દસ દિવસ દરમિયાન હવા ગુણવત્તા સૂચકાંકમાં મધ્યમથી ખરાબ સ્થિતિ જોવા મળી છે. ૧ ઑક્ટોબરના રોજ એર ક્વોલિટી ઇન્ડેક્સ ૯૩ (મધ્યમ) નોંધાયો હતો, જે ૨ ઑક્ટોબરે વધીને ૧૦૫ (ખરાબ) થયો હતો. ત્યારબાદ ૩ ઑક્ટોબરે ૮૬ અને ૪ ઑક્ટોબરે ૯૧ પર પહોંચીને ફરી મધ્યમ શ્રેણીમાં રહ્યો હતો. ૫ ઑક્ટોબરે એર ક્વોલિટી ઇન્ડેક્સ ૯૮ નોંધાયા બાદ ૬ ઑક્ટોબરે ૧૦૫, ૭ ઑક્ટોબરે ૧૧૧ અને ૮ ઑક્ટોબરે વધીને ૧૧૫ પર પહોંચ્યો હતો, જે આ સમયગાળા દરમિયાન સૌથી વધુ ખરાબ એર ક્વોલિટી ઇન્ડેક્સ હતો. ત્યારબાદ ૯ ઑક્ટોબરે એર ક્વોલિટી ઇન્ડેક્સ ૧૦૪ (ખરાબ) અને ૧૦ ઑક્ટોબરે ૯૭ (મધ્યમ) નોંધાયો હતો. એકંદરે આ દસ દિવસોમાં હવાની ગુણવત્તા મોટેભાગે ૮૬ થી ૧૧૫ ની વચ્ચે રહી હતી.

સાવધાની અનિવાર્ય

લવ જેહાદ જેવા મુદ્દાને ગંભીરતાથી જ લેવો પડે



રાજકોટમાં નવરાત્રિના પ્રથમ નોરતે જ 'લવ જેહાદ'ના પોસ્ટરો સામે આવતાં ભારે ચર્ચા જાગી છે. ઘણાં આ ઘટનાને વિવાદાસ્પદ ગણાવે છે. પોસ્ટર્સે પવિત્ર તહેવારની શરુઆતમાં જ સુરક્ષા અને સામાજિક સમતુલા સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

વર્તમાન સમયમાં આવા ગંભીર મુદ્દાઓને સામાન્ય ગણીને નજરઅંદાજ કરી શકાય તેમ નથી. સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વધતી લવ જેહાદની ઘટનાઓ અને શંકાસ્પદ પ્રવૃતિઓ ગંભીર ચિંતાનો વિષય બની રહી છે. ભોળી અને નિર્દોષ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી ધર્મ પરિવર્તન કરાવવાના ષડયંત્રો અવારનવાર સામે આવતા રહે છે, જે સામાજિક તાણાવાણાને છિન્નભિન્ન કરે છે.

નવરાત્રિ એ નવદુર્ગાની ઉપાસના, આરાધના અને ભક્તિનું પરમ પવિત્ર પર્વ છે. શક્તિની સાધનાના આ સનાતની પાવન અવસરમાં વિધર્મીઓની બિનજરૂરી હાજરી અને ઘૂસણખોળ સામે અનેક વખત આક્રોશપૂર્ણ પ્રશ્નો ઉઠી ચુક્યા છે. સવાલ એ થાય છે કે નવદુર્ગાની સાધનામાં અને ભક્તિમાં વિધર્મીનું શું કામ? જેમને ધર્મ, પરંપરા કે આસ્થા પ્રત્યે કોઈ શ્રદ્ધા જ નથી, તેમની આવી ધાર્મિક ઉજવણીઓમાં હાજરી શંકાસ્પદ જ ગણાય. આથી જ ગરબા પંડાલો અને ધાર્મિક આસ્થાના કેન્દ્રોમાં પવિત્રતા જળવાઈ રહે તે અત્યંત અનિવાર્ય છે. શ્રદ્ધાના આ મહાપર્વમાં ગેરમાર્ગે દોરતી તમામ પ્રવૃતિઓને કડક હાથે રોકવી પડશે.

માતાજીની આરાધનાના સ્થળોએ આયોજકો અને પ્રશાસન દ્વારા સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન કરવી જોઈએ. માત્ર આયોજકો જ નહીં, પણ યુવતીઓના વાલીઓએ પણ જાગૃત રહીને વિશેષ કાળજી રાખવી જરૂરી બની ગઈ છે. પૂર્વ સાવચેતી અને સાવધાની રાખવી એ જ આ સમસ્યાનો શ્રેષ્ઠ ઉપાય છે. જો સમયસર આ મુદ્દાઓને ગંભીરતાથી લઈને યોગ્ય કાનૂની પગલાં નહીં ભરાય, તો પરિસ્થિતિ વધુ વણસી શકે છે.

સ્થાનિક પ્રશાસને પણ આવા શંકાસ્પદ તત્વો સામે આકરું વલણ અપનાવી દાખલો બેસાડવો જોઈએ. સનાતન સંસ્કૃતિ, ધર્મ અને સદીઓ જૂની પરંપરાઓની રક્ષા માટે સમગ્ર સમાજે એકજૂટ થઈને આગળ આવવું પડશે. યોગ્ય જાગૃતિ, સતર્કતા અને કડક સાવચેતી દ્વારા જ દીકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાશે. ધર્મ અને સામાજિક આસ્થાના રક્ષણ માટેની આ લડાઈમાં સૌનો સક્રિય સહકાર અનિવાર્ય છે.



દેશમાં લાગ્યા ૫.૬ કરોડ સ્માર્ટ મીટર

૮૦ ટકા વપરાશકર્તાઓ એપથી દૂર છે, કોઈ કારણોસર લાભ નથી લેતા?

નવીદિલ્હી, તા. ૧૧

દેશભરના વીજ ગ્રાહકોના ઘરોમાં સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યા છે. તેમનો હેતુ વીજળીના વપરાશ અને ખર્ચ વિશેની માહિતી સરળતાથી મળી રહે, બિલિંગમાં સુધારો થાય અને વીજળી પુરવઠા સેવાઓ વધુ અનુકૂળ બને તેવો છે. વીજળી મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં, વિવિધ યોજનાઓ હેઠળ દેશભરમાં ૫૬.૨ મિલિયન સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા હતા. આ મીટર તમને મોબાઇલ એપ્લિકેશન દ્વારા વીજળીનો વપરાશ, પ્રીપેડ મીટર બેલેન્સ અને ખર્ચની માહિતી જોવાની મંજૂરી આપે છે. જો કે, સ્માર્ટ મીટર લગાવવા છતાં, તેમની સાથે સંકળાયેલ ડિજિટલ સુવિધાઓનો ઉપયોગ મર્યાદિત છે. ઓલ ઇન્ડિયા રેડિયો ન્યૂઝના અહેવાલ મુજબ, સ્માર્ટ મીટર ધરાવતા ૨૦% કરતા ઓછા ગ્રાહકો સંકળાયેલ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા છે, એટલે કે ૮૦% થી વધુ ગ્રાહકો આ સુવિધા વિના છે. આ પ્રશ્ન ઉભો કરે છેઃ જ્યારે મોબાઇલ પર વીજળીનો વપરાશ અને ખર્ચ જોવાની ક્ષમતા ઉપલબ્ધ હોય, ત્યારે મોટાભાગના ગ્રાહકો તેનો લાભ કેમ નથી લઈ રહ્યા?

સ્માર્ટ મીટર લગાવવું અને તેનો ડિજિટલી ઉપયોગ કરવો એ બે અલગ અલગ બાબતો છે. મીટર ઇન્સ્ટોલ કર્યા પછી, લોકોને આપમેળે ખબર હોતી નથી કે મોબાઇલ એપ ક્યાં ડાઉનલોડ કરવી, તેમનો ગ્રાહક નંબર કેવી રીતે ઉમેરવો અને તેમનો વીજળી વપરાશ ક્યાં જોવો.

અહેવાલો અનુસાર, ઘણા લોકો જેમણે મીટર ઇન્સ્ટોલ કર્યું છે તેઓ જાણતા નથી કે તેમના વીજળી કનેક્શન માટે એક સત્તાવાર એપ ઉપલબ્ધ છે. એપથી વાકેફ હોવા છતાં, કેટલાક લોકોને ખ્યાલ નથી હોતો કે તે વીજળી વપરાશ, બેલેન્સ અને બિલિંગ વિશે માહિતી પ્રદાન કરી શકે છે. સ્માર્ટફોન એપ્સનો ઉપયોગ કરવાનો મર્યાદિત અનુભવ ધરાવતા લોકો માટે આ ખાસ કરીને સમસ્યારૂપ બની શકે છે.

તે જ સમયે, ડિજિટલ માહિતી અને તકનીકી સમસ્યાઓ છે. એપ ડાઉનલોડ કરવી, નોંધણી કરાવવી, મીટરને ગ્રાહક નંબર સાથે લિંક કરવું અને લોગિન સમસ્યાઓનું નિરાકરણ કરવું એ દરેક ગ્રાહક માટે સરળ નથી. વૃદ્ધ લોકો અને ડિજિટલ સેવાઓની મર્યાદિત ઍક્સેસ ધરાવતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. વધુમાં, ઇન્ટરનેટ ઉપલબ્ધતા અને સ્માર્ટફોનનો ઉપયોગ પણ એપની ઍક્સેસને અસર કરી શકે છે.

વધુમાં, જૂની પદ્ધતિઓ પર નિર્ભરતા એ મીટરના વિશ્વાસમાં એક પરિબળ છે. ઘણા લોકો તેમના વીજળી બિલ પ્રામ કર્યા પછી જ તપાસે છે. કેટલાક વીજળી વિતરણ કંપની તરફથી જાહજ અથવા અન્ય સૂચનાઓ પર આધાર રાખે છે. તેથી, જો એપ દ્વારા આપવામાં આવેલી માહિતી સરળતાથી સમજી શકાતી નથી અથવા વારંવાર ઍક્સેસની જરૂર હોય, તો તેઓ તેનો ઉપયોગ કરવાનું ટાળે છે.

કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW) ના અહેવાલ મુજબ, છ રાજ્યોમાં હાથ ધરાયેલા એક સર્વેમાં, આશરે ૫૨% લોકો સ્માર્ટ મીટર એપથી વાકેફ હતા, જ્યારે ફક્ત ૪૫% લોકો તેનો ઉપયોગ કરતા હોવાનું જણાવાયું છે. સર્વેમાં એ પણ બહાર આવ્યું છે કે પોસ્ટપેઇડ મીટર ધરાવતા ગ્રાહકો કરતાં પ્રીપેડ મીટર ધરાવતા ગ્રાહકોમાં એપનો ઉપયોગ લગભગ ત્રણ ગણો વધારે હતો. એકંદરે, જો ૮૦% થી વધુ ગ્રાહકો સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કર્યા પછી પણ એપનો ઉપયોગ કરતા નથી, તો તે ગ્રાહકોને ડિજિટલ સેવાઓ પહોંચાડવામાં અંતર તરફ નિર્દેશ કરે છે. આ જાગૃતિનો અભાવ, તકનીકી મુશ્કેલીઓ, જૂની બિલિંગ પદ્ધતિઓ પર નિર્ભરતા અને એપની ઉપયોગિતા અંગેની ચિંતાઓને કારણે હોઈ શકે છે. આ અંતરને દૂર કરવા માટે, મીટર ઇન્સ્ટોલ કરવાની સાથે, ગ્રાહકોને તાલીમ આપવી, એપની સુવિધાઓને સરળ બનાવવી અને સમયસર ફરિયાદોનું નિરાકરણ કરવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

ભાજપમાં UGC નિયમો પર પ્રશ્નો

રાજેશ મિશ્રાએ કહ્યું , આ પાછા ખેંચવા જોઈએ : આ નિયમો ઉચ્ચ શિક્ષણ અને સમાજ માટે અયોગ્ય અને જાતિવાદને પ્રોત્સાહન આપનાર

નવીદિલ્હી, તા. ૧૧

દેશના વિવિધ પક્ષોમાં UGC ઇક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ અંગે ગરમાગરમ ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન, ભૂતપૂર્વ સાંસદ અને ભાજપના નેતા રાજેશ મિશ્રાનું એક નિવેદન સામે આવ્યું છે. તેમણે UGC ને પાછું ખેંચવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે ઘણા નેતાઓ તેમના વલણ સાથે અસંમત હોઈ શકે છે, પરંતુ તેઓ માંગ કરે છે કે UGC દ્વારા રજૂ કરાયેલા નવા નિયમો અને માર્ગદર્શિકા પાછા ખેંચવામાં આવે. તેમણે UGC કાયદાને ઉચ્ચ શિક્ષણ અને સમાજ બંને માટે અપ્રસ્તુત ગણાવ્યો. ભાજપના નેતા રાજેશ મિશ્રાએ કહ્યું કે જાતિ રાજકારણ સમાજમાં જાતિવાદને પ્રોત્સાહન આપે છે. આ યોગ્ય નથી. તેમણે કહ્યું, ''ભલે હું ભાજપમાં છું, છતાં હું હજુ પણ કહું છું કે દલિતો અથવા પછાત વર્ગો સાથે અન્યાય થયો છે એમ કહેવું યોગ્ય નથી.''

ખરેખર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં SC, ST અને OBC



વિદ્યાર્થીઓ સામે જાતિ ભેદભાવ અટકાવવા માટે ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ નવા નિયમોને સૂચિત કર્યા. આ નિયમો દરેક કોલેજ અને યુનિવર્સિટીમાં સમાન તક કેન્દ્ર, સમાનતા સમિતિ અને ૨૪/૭ હેલ્પલાઇનની સ્થાપનાને ફરજિયાત બનાવે છે. આ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા માટે કડક કાર્યવાહી જરૂરી છે, જેમ કે અનુદાન રોકવું અથવા માન્યતા રદ કરવી. ભાજપના નેતા રાજેશ મિશ્રાએ ઉત્તર પ્રદેશ કોંગ્રેસ સમિતિ વિશે પણ વાત કરી. પ્રતાપગઢના રામપુર ખાસ મતવિસ્તારના ધારાસભ્ય આરાધના મિશ્રા (મોના) ને કોંગ્રેસ દ્વારા યુપી કોંગ્રેસ સમિતિના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવા અંગે, તેમણે કહ્યું કે આરાધના એક મહિલા છે અને તેમના મતવિસ્તારની બહાર તેમને સમર્થનનો અભાવ છે. તેમણે ઇમરાન મસૂદ અને રાજેન્દ્ર પાલ ગૌતમની લાગણીઓનો પડઘો પાડ્યો. તેમણે કહ્યું કે ત્રણેયમાંથી કોઈને પણ રાજ્ય સ્તરે સ્વીકૃતિ નથી. તેમણે ઉમેર્યું કે તેમની પોતાની જાતિના સભ્યો પણ નબળા નેતાઓને ટેકો આપતા નથી. ભાજપના નેતાએ કહ્યું કે રાજેન્દ્ર પાલ ગૌતમ, આરાધના મિશ્રા અને ઇમરાન મસૂદ દ્વારા, કોંગ્રેસ તેના જૂના ફોર્મ્યુલા પર પાછી ફરી રહી છે. તે બ્રાહ્મણ-દલિત-મુસ્લિમ (BDM) વોટ બેંકનો લાભ લઈને સત્તામાં પાછા ફરવા માંગે છે. જો કે, સમસ્યા એ છે કે આ ત્રણ નેતાઓનો કોઈ ટેકો આધાર નથી. રાજેશ મિશ્રા ભાજપના ભૂતપૂર્વ સાંસદ છે જે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા.

દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો સામે પોલીસ એક્શનમાં

૨૦ થી વધુ એફઆઇઆર અને સીસીટીવી ફૂટેજથી કરી તોફાનીઓની ઓળખ

નવીદિલ્હી, તા. ૧૧

દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીમાં વિરોધ પ્રદર્શન અને કાયદો અને વ્યવસ્થાના ઉલ્લંઘનના પ્રયાસોના સંદર્ભમાં ૨૦ થી વધુ FIR નોંધી છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામા અને મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે કોકરોચ જનતા પાર્ટી (CJP) અને અન્ય યુવા સંગઠનો દ્વારા બોલાવવામાં આવેલા વિરોધ પ્રદર્શનો બાદ આ કાર્યવાહી મુખ્યત્વે કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, દિલ્હી પોલીસે કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવા, સરકારી કામમાં અવરોધ ઉભો કરવા અને પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવાના આરોપો સાથે ૨૦ થી વધુ FIR નોંધી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન કાયદો પોતાના હાથમાં લેનારાઓ સામે દિલ્હી પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. એવું જાણવા મળ્યું છે કે કનોટ પ્લેસ, કર્તવ્ય પથ અને બારખંભા સહિત અનેક પોલીસ સ્ટેશનોમાં FIR નોંધવામાં આવી છે. વાયરલ વીડિયો અને CCTV ફૂટેજના આધારે તોફાનીઓની ઓળખ કરવામાં આવી રહી છે.

રવિવારે સતત બીજા દિવસે રાજધાનીમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. CJP એ રવિવારે



સવારે ૧૦ વાગ્યે જંતર મંતર પર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે ફરી એક વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. વિરોધ પ્રદર્શનની અપેક્ષાએ, દિલ્હીમાં ૩૦,૦૦૦ થી વધુ પોલીસ અને અર્ધલશ્કરી દળોના જવાનો તૈનાત કરવામાં આવી રહ્યા છે. દિલ્હી પોલીસે રવિવારના વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો છે. શનિવારે શરૂઆતમાં, પ્રદર્શનકારીઓને જંતર-મંતર સુધી પહોંચતા અટકાવવા માટે ભારે કાર્યવાહી કરવામાં આવી હતી, જેના પરિણામે અનેક લોકોની અટકાયત કરવામાં આવી હતી. શનિવારે વિરોધ પ્રદર્શન માટે પરવાનગી આપવાનો પોલીસે ઇનકાર કર્યા બાદ, દિલ્હીની સરહદો, રેલ્વે સ્ટેશનો, બસ ટર્મિનલ અને અન્ય પરિવહન કેન્દ્રો સહિત સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા કડક કરવામાં આવી છે. દિલ્હી પોલીસને સુરક્ષા જાળવવામાં મદદ કરવા માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF) ની ૧૨૦ થી વધુ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. નવી દિલ્હી જિલ્લાને ૨૦ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે, જ્યાં સંયુક્ત કમિશનરો, ડેપ્યુટી કમિશનરો અને વધારાના ડેપ્યુટી કમિશનરો જમીન પર પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે. રાષ્ટ્રીય રાજધાનીની સરહદો પર સુરક્ષા કડક કરવામાં આવી છે, જ્યારે હોટલ, ગેસ્ટ હાઉસ, લોજ અને ધર્મશાળાઓ પર વાહન તપાસ અને ચકાસણી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. પોલીસ પ્રદર્શનકારીઓને એકત્ર કરવાના પ્રયાસોને ઓળખવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ નજર રાખી રહી છે. પોલીસે લોકોને શાંતિ જાળવવા અને સુરક્ષા કર્મચારીઓને સહયોગ આપવા અપીલ કરી છે. મુસાફરોને મુસાફરી કરતા પહેલા સત્તાવાર જાહેરાતો તપાસવાની સલાહ આપવામાં આવી છે, કારણ કે પરિસ્થિતિના આધારે ટ્રાફિક પ્રતિબંધો અને રૂટ ડાયવર્ઝન લાગુ કરવામાં આવી શકે છે.

રવિવારના વિરોધ પહેલા, દિલ્હી ટ્રાફિક પોલીસે નવી દિલ્હી અને મધ્ય દિલ્હીમાં ટ્રાફિક વિક્ષેપની આગાહી કરી છે. રેલ્વે સ્ટેશનો, આંતરરાજ્ય બસ ટર્મિનલ અને એરપોર્ટ તરફ જતા મુસાફરોને તેમની મુસાફરી માટે વધારાનો સમય આપવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાંથી બિન-આવશ્યક મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે. ઈઉઽ એ જણાવ્યું છે કે મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) માં કથિત અનિયમિતતાઓ સામે તેનું અભિયાન ચાલુ રહેશે. પાર્ટીએ તેની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઘણા રાજ્યોમાં તેનું આંદોલન ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે. CJP મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

આવો દર્શન કરીએ

મંદિર તોડવા આવેલા અલ્લાઉદ્દીન બીજાને મા બહુચરે પોતાની શક્તિનો પરચો બતાવ્યો હતો



આજે આસો નવરાત્રીનો બીજો દિવસ છે, એટલે કે નવદુર્ગાના બ્રહ્મચારિણી સ્વરૂપના પૂજન કે આરાધનાનો દિવસ. આપણે ત્યાં કિન્નરો બહુચરાજી બહુ મોટાં ઉપાસકો માનવામાં આવે છે. હમણાં હું ઓસ્ટ્રેલિયા ગઈ તો પુરુષ સ્ત્રી બંને બહુ સામ્યતા ધરાવતા હોય એવું લાગે અને ઘણીવાર તો નક્કી કરવું કઠિન પડે એવું પણ થય ! અને એમાં પણ આજકાલની ફેશન એટલે પુરુષો પણ ચોટલો જેટલા લાંબા વાળ રાખે ! અને ચહેરા પણ સૌમ્ય! અવાજ પણ ઘેરો નહીં! અને સ્ત્રીઓને ટીકી ટીકીને જોવાની આદત તો બિલકુલ નહીં! બ્લુ ગ્રીન કે પીંગળી આંખો સ્ત્રીઓની અમાનત ત્યાં એવું નહીં! એકંદરે જેન્ડરની ઓળખ કરવી અઘરી તો ખરી જ! ખેર છોડો... આજે મા બ્રહ્મચારિણીની પૂજા કરવાથી મન તથા શરીરની સુખાકારી વધે છે, અને શાંતિ પ્રદાન થાય છે. શક્તિનું એક સ્વરૂપ શ્રદ્ધા પણ છે, જો શ્રદ્ધા સાચી હોય તો તે શાંતિ આપનારી છે, એકવીસમી સદીમાં ઈશ્વરને મૂર્તિ કે ચિત્ર સ્વરૂપે ન જોતા સામે વાળાનાં આત્મા તરીકે જોઈએ, તો તે વધુ અનુકૂળ અને અનુભૂત રહે છે. માતાનાં લલાટે કંકુનો ચાંદલો, એટલે કે શુભ લખાયેલું છે. તેનાં દર્શન માત્રથી દશે દિશાઓમાંથી શુભના સમાચાર આવે છે. ગુજરાતની જ આવી એક બહુચરાજી માતાનાં મંદિર અને તેનાં સ્વરૂપ વિષે આજે આપણે આગળ વાત કરીશું.

બહુચરાજી કે એટલે કે બેચર માનું મંદિર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે.

બહુચરાજી માતાનું મૂખ્ય દેવસ્થાન ગુજરાતના મહેસાણા જિલ્લામા બેચરાજી ખાતે આવેલું છે. આ મંદિરનું બાંધકામ સંવત ૧૮૩૫થી શરૂ કરવામાં આવ્યું હતું અને સંવત ૧૮૩૯માં પૂર્ણ થયું, પછી તેમાં માતાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. ૧૫ મીટર લાંબું અને નવ મીટર પહોળું આ મંદિર ગુજરાતની બીજી શક્તિપીઠ છે. આ મંદિરની ચારે બાજુએ બુરજો અને ત્રણ દરવાજા આવેલ છે. આ મંદિરમાં ઉત્તમ કારીગીરી કરેલ છે. આ આખુયે મંદિર પથ્થરથી બનેલ છે અને તેની આગળ વિશાળ મંડપ છે જેને ચાચરનો ચોક કહેવાય છે. મંદિરની પાસે એક અગ્નિ કુંડ પણ આવેલ છે. મંદિરના ઘુમ્મટમાં અને થાંભલાઓમાં રંગીન પૂતળીયો છે.

મંદિરની પાછળ માનસરોવર નામનો એક કુંડ આવેલ છે. જ્યાં ગુજરાતના કેટલાયે લોકો અહીંયા આવીને પોતાના પુત્રનાં સૌ પ્રથમ વખતના વાળ ઉતરાવે છે, અને આ કુંડમાં સ્નાન કરાવે છે. તેમણે માંગેલી માનતાને તેઓ અહીં પુર્ણ કરે છે. ઘણાં લોકોના બાળકોને કોઈ ખામી હોય જેમકે બહેરાશ હોય, તોતડું બોલતા હોય વગેરે તે પોતાના બાળકો જલ્દી સારા થઈ જાય તે માટે માતાજીની માનતા માને છે, અને તે માનતા પુર્ણ થયા બાદ તે અહીંયા ચાંદીમાં બનાવેલ જીભ સવરૂપે શરીરનું તે અંગ માતાજીને ચઢાવે છે.

ઉપર વાત કરી એમ બહુચરાજી માતા કિન્નરની દેવી છે.આમ તો ખાસ કરીને નિઃસંતાન યુગલો તેની પૂજા કરે છે, પરંતુ કિન્નર પણ વિશેષ અનુષ્ઠાન તેમજ પૂજા કરી આત્મ ગતિ પ્રાપ્ત કરે છે. કહેવાય છે કે કોઈ પુરુષ નપુંસક સાબિત થાય એટલે તેને બહુચરાજી આવી દર્શન કરી નોંધણી કરાવવાની હોય છે. પરંતુ કિન્નરો કેમ કરે છે, બહુચર માતાની ઉપાસના? એ પ્રશ્ન નાં જવાબમાં, એક પૌરાણિક કથા અનુસાર ગુજરાતમાં એકવાર એક નિઃસંતાન રાજાએ સંતાન પ્રાપ્તિ માટે બહુચરા માતાજીની આરાધના કરી . માતાએ પ્રસન્ન થઈને તેને પુત્ર પ્રાપ્તિના આશીર્વાદ આપ્યાં, રાજાનાં ઘરે પુત્ર થયો, પણ તે નપુંસક નિકળ્યો.એક દિવસ બહુચરા માતા તેના સપનામાં આવ્યાં, અને તેને કામેન્દ્રિય સમર્પિત કરીને મુક્તિને માર્ગે આગળ વધવા કહ્યું. રાજકુમારે એવું જ કર્યું, તે પછી તે દેવીનો ઉપાસક બની ગયો.આ ઘટના પછી તમામ કિન્નરો બહુચરા માતાને પોતાના કુળદેવી માનીને તેમની ઉપાસના શરૂ કરી દીધી

બહુચર માતા કુકડા પર સવારી કરે છે . તેમની સવારીને લઈને એક દંતકથા પણ છે . કહેવાય છે કે એકવાર અલ્લાઉદ્દીન બીજા જ્યારે પાટણને જીતીને આ મંદિર તોડવા માટે સેનાની સાથે પહોંચ્યા ત્યારે ત્યાં દેવી વાહન કુકડા પર સવારી કરી રહ્યાં હતા, તેમના સૈનિકોએ એ કુકડાઓને પકડીને રાંધીને ખાઈ ગયા. જો કે એક કુકડો બચી ગયો . સવારે જ્યારે તેણે બાંગ પોકરવી શરી કરી તો સૈનિકોના પેટમાં રહેલા કુકડાએ પણ બાંગ પોકારવી શરૂ કરી. કુકડાઓ સૈનિકોના પેટ ફાડીને બહાર આવવા લાગ્યા, આ તો બહુચર માનાં કુકડા હતાં. આ જોઈને અલાઉદ્દીન અને તેના સિપાહીઓ મંદિર તોડ્યા વિના જ ઉભી પૂંછડીએ ભાગ્યા.આમ માતાનો સાક્ષાત્કાર એ મુગલ સમ્રાટને પણ થયો હતો. કહેવાય છે કે જ્યારે નવરાત્રિ હોય ત્યારે અંબાજીની સાથે જ બહુચર માતા હોય છે, અને બંને ચાચરના ચોકમાં જોડમાં જ ગરબા ગાય છે .

અહીંયા દરેક પુર્ણિમાના દિવસે મેળો ભરાય છે. દરેક પૂર્ણીમાએ રાત્રે ૯.૩૦ કલાકે માતાજીની સવારી ચાંદીની પાલખીમાં નીકળે છે. તથા વર્ષની ચૈત્રી પુનમ તથા આસો પુનમ-શરદ પુનમનાં દિવસે રાત્રે પાલખી બહુચરાજીના નિજ મંદિરેથી નીકળીને બહુચરાજીથી આશરે ૩ કિ.મી. દૂર આવેલ શંખલપુર ગામે જાય છે, જે માતાજીનું પ્રાગટ્ય સ્થાન છે. જ્યાં માતાજીની પાલખીને આખા શંખલપુર ગામમાં ફરાવવામાં આવે છે, અને મોડી રાત્રે માતાજી નિજ મંદિર બહુચરાજીમાં પરત આવે છે. માતાજીની પાલખી જોવા અનેક શ્રદ્ધાળુઓ આવે છે.

બહુચરાજીનું મંદિર પણ ૫૧ શક્તિપીઠ માનું એક મનાય છે, કહેવાય છે કે ભગવાન શંકર સતીના શરીરને ખભે નાખી ગુસ્સામાં આમતેમ ફરતા હતા, ત્યારે સુદર્શન ચક્ર વડે ભગવાન વિષ્ણુએ તેમના શરીરના કટકા કર્યા, તેમનો હાથ એટલે કે કર અહીં પડયો હતો, અને ત્યાં સ્વયં શંકર સતી સાથે ઉપસ્થિત થયા, એટલે આ પણ મહત્વની શક્તિપીઠ છે.બહુચરાજીએ ઉપલા જમણા હાથમાં તલવાર, ઉપલા ડાબા હાથમાં ધર્મગ્રંથ, નીચલો જમણો હાથ અભય મુદ્રામાં અને નીચલા ડાબા હાથમાં ત્રિશૂલ ધારણ કરેલાં છે. તેમનું વાહન કૂકડો છે, જે નિર્દોષતાનું પ્રતિક મનાય છે.

ઉપરાંત બહુચરાજી મંદિરનો આ સિવાય પણ એક ઇતિહાસ છે.બહુચર માતાના પ્રાગટ્ય વિશે અનેક લોકકથાઓ મળે છે. અન્ય એક લોકવાયકા પ્રમાણે બહુચરાજી, બાપલદાન દેથા નામક ચારણની પુત્રી હતા. તે અને તેમની બહેન વણજાર સાથે જતા હતા ત્યારે બાપીયા નામક ધાડપાડુએ તેમના કાફલા પર હુમલો કરેલો. ચારણોની સામાન્ય પરંપરા પ્રમાણે જ્યારે કોઈ શક્તિશાળી શત્રુનો સામનો કરવાનો હોય, ત્યારે અંતિમ પગલાં લેખે તેઓ દુશ્મનને શરણે જવાને બદલે જાતે જ પોતાનો જીવ કાઢી આપે છે, જેને ''ત્રાગું'' કહેવાય છે. ચારણનું લોહી છંટાવું તેને ઘોર પાપ માનવામાં આવે છે. અહીં પણ ધાડપાડુઓને શરણે થવાને, બદલે બહુચરાજી અને તેમની બહેને ત્રાગું કર્યું, અને પોતાનાં સ્તન જાતે જ વાઢી નાખ્યાં. લોકવાયકા એમ કહે છે કે આથી ધાડપાડુ બાપીયો શાપિત થયો અને નપુંસક બની ગયો, અને આ શાપ ત્યારે જ દૂર થયો, જ્યારે બાપીયાએ સ્ત્રીઓનાં વસ્ત્રાભૂષણો ધારણ કરી, બહુચરા માતાની આરાધના કરી.

આદ્યશક્તિનું ગમે તે સ્વરૂપ હોય, પણ અંતે તો તે જીવને સુખ શાંતિ અને આનંદ પ્રદાન કરનારુ છે. મા જગજનની હંમેશા સર્વનું ભરણ પોષણ કરનાર છે.આપણે પણ આ નવરાત્રિએ કોઈ વિશિષ્ટ રીતે મા જગદંબાની આરાધના કરીએ, અને વ્રત-ઉપવાસની સાથો સાથ કોઈના જીવનમાં ભરણ-પોષણ કે જે કંઈ થોડું ઘણું થાય, તેનો સંકલ્પ લઈ અને મા આદ્યશક્તિને વંદન કરીએ.એક વાત હંમેશા યાદ રાખી એ કે જો નિત્ય એનાં ચરણમાં વાસ જોઈતો હોય, તો આચરણ તો કરવું જ પડશે. આપવાનો વિચાર હોય અને કંઈ પણ આપી શકાય તેમ ન હોય તો પ્રેમાળ સ્મિત, વિચાર,ને કોઈ ને આદર આપીને પણ આ પ્રયોગ કરી શકાય. તો ચાલો આપણે સૌ પણ આવો કંઈક સંકલ્પ આ નવરાત્રિમાં લઈએ. જય અંબે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

શહેરમાં મિલકત સંબંધી અને અન–ડિટેક્ટ ગુનાઓ ઉકેલવાની કડક સૂચના

ATMમાંથી ચોરી કરતી ગેંગ ઝડપાઈ

એલ્યુમીનીયમની પટ્ટીનો ઉપયોગ કરી લાખો રૂપિયા ઓળવનાર યુપીના ત્રણ શખ્સો પાસેથી ૪.૪૫ લાખનો મુદ્દામાલ જપ્તઃ ૧૪ જેટલા ગુનાઓની કબૂલાત







રાજકોટ, તા.૧૧

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમીશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમીશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) બી.બી. બસીયા દ્વારા શહેરમાં મિલકત સંબંધી અને અન-ડિટેક્ટ ગુનાઓ ઉકેલવાની કડક સૂચના આપવામાં આવી હતી.

હાલમાં એ.ટી.એમ. મશીનો સાથે છેડછાડ કરીને નાણાં સેરવી લેતી એક ગેંગ સક્રિય હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. આ ગેંગને પકડી પાડવા ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ડી. સી.બી. પોલીસ સ્ટેશનની ટીમે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી. સી.સી.ટી.વી. કેમેરા અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે પુજારા પ્લોટ કાંતા વિકાસ ગૃહ પાછળની શેરીમાંથી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પીએસઆઈ ડી.પી. ઝાલા અને એસ.એમ. રાણા સાથે એ.એસ.આઈ. વિજયરાજસિંહ જાડેજા, સંજયભાઈ દાફડા, મહેશભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ અલગોતર, તુલસીભાઈ ચુડાસમા, લાલજીભાઈ હાડગડા, સુભાષભાઈ ધોધારી, ભાનુભાઈ ધાંધલા, ધર્મેન્દ્રભાઈ કુંચાલા અને કોન્સ્ટેબલ નિકુંજભાઈ મારવીયા, સંજયભાઈ ખાખરીયા, ધર્મેશભાઈ ખડિખા, ધર્મરાજસિંહ રાણા સહિતની ટીમ દ્વારા ઝડપાયેલા ત્રણેય આરોપીઓ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના વતની છે. પકડાયેલા શખ્સોમાં અફસારઅહમદ રિયાસતઅલી (ઉ.વ. ૨૩), અરબાઝ ફૈયાઝઅહમદ (ઉ.વ. ૨૭) અને સાહિદખાન મોહમદસલીમ (ઉ.વ. ૨૬) નો સમાવેશ થાય છે. આ ગેંગ લાંબો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. અફસારઅહમદ સામે ઉત્તરપ્રદેશના અંટુ અને નવાબગંજ પોલીસ સ્ટેશનમાં બે ગુના નોંધાયેલા છે. અરબાઝખાન સામે લાલગંજ, અંટુ અને જેઠાવારા પોલીસ સ્ટેશનમાં અપહરણ, ધાડ અને ગેંગસ્ટર એક્ટ સહિતના ત્રણ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે સાહીદખાન સામે કોટવાલી અને લીલાપુર પોલીસ સ્ટેશનમાં ત્રણ ગુના નોંધાયેલા હોવાનું ખૂલ્યું છે.

આરોપીઓ પાસેથી પોલીસે રોકડા ૧,૧૨,૨૦૦, ૩૩ હજારની કિંમતના ૩ એન્ડ્રોઇડ મોબાઈલ ફોન અને ૩ લાખ રૂપિયાની એમએચ૦૧ એફઈ ૧૧૧૩ નંબરની એક વેગેનર કાર કબ્જે કરી છે. આ ઉપરાંત ગુનામાં વપરાતી ૧ ફૂટ લંબાઈની ૪ એલ્યુમીનીયમની પટ્ટીઓ, એક ફાયબરની રિંગ બ્લેન્ડર ફાઈલ અને બેંક ઓફ બરોડાનું એક એ.ટી.એમ. કાર્ડ પણ જમ કરવામાં આવ્યું છે. કુલ ૪,૪૫,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે લેવાયો છે.

ગેંગની મોડસ ઓપરેન્ડી

આ ગેંગ બેંકમાં રજાના દિવસે અથવા બેંક બંધ હોય ત્યારે એસ.બી.આઈ. અને બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.ની રેકી કરતી હતી. જ્યારે એ.ટી.એમ.માં કોઈ ન હોય ત્યારે તેઓ મશીનના કેશ ડિસ્પેન્સર બોક્ષમાં એલ્યુમીનીયમની પટ્ટી ફીટ કરી દેતા હતા. ત્યારબાદ કોઈ ગ્રાહક પૈસા ઉપાડવા આવે અને પ્રોસેસ પૂરી કરવા છતાં પટ્ટીના કારણે પૈસા બહાર ન આવે, એટલે ગ્રાહક નિરાશ થઈને જતો રહેતો. ગ્રાહકના ગયા બાદ આ આરોપીઓ એ.ટી.એમ. માં ઘૂસીને પટ્ટી હટાવી લેતા અને મશીનમાં ફસાયેલા પૈસા ચોરી લેતા હતા.

૧૪ ચોરીની આપી કબુલાત

આરોપીઓએ પોલીસ સમક્ષ છેલ્લા ત્રણ મહિનામાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં આચરવામાં આવેલી ૧૪ જેટલી ચોરીઓની કબૂલાત કરી છે. જેમાં સુરત (સચિન GIDC, પ્રાણી સંગ્રહાલય, ઉન, અડાજણ પાટીયા), અમદાવાદ (નારોલ, સરખેજ, છત્રાલ બાયપાસ, રીંગ રોડ), મહેસાણા (રેલ્વે સ્ટેશન પાસે), મુંબઈ ઈસ્ટ અને રાજકોટ (ત્રિકોણ બાગ પાસે) ના એ.ટી.એમ.માંથી લાખો રૂપિયા કાઢી લીધાનું સ્વીકાર્યું છે. આ ગેંગના પકડાવાથી રાજકોટ શહેર ભક્તિનગર, રાજકોટ શહેર માલવીયાનગર અને મહેસાણા શહેર એ ડીવી. પોલીસ સ્ટેશનના ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

વાડીમાં રમતા બાળકને કાળોતરો ભરખી ગ્યો

રાજકોટના ગઢકાનો બનાવ જમણા પગે સાપ કરડતા બાળક બેભાન સારવાર મળે તે પહેલાં જ મોત



રાજકોટ તા. ૧૧

રાજકોટ શહેરના આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ગઢકા ગામમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગઢકા ગામમાં અમૂલ ડેરીના પ્લાન્ટ પાસે, આર.કે. કોલેજ રોડ પર રહેતા પરિવારની માત્ર ૫ વર્ષની બાળકી રીસા સરદારભાઈ બાબણીયાનું સર્પદંશથી કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ અરેરાટીભર્યા બનાવ અંગે એ. ડિવિઝન પોલીસ સ્ટેશન રાજકોટ શહેરના પીએસઓ ડબલ્યુ.એચ.સી. સેજલબેન પરમાર (બક્કલ નંબર ૬૩૬) દ્વારા આજી ડેમ પોલીસ મથકે સત્તાવાર જાણ કરવામાં આવી છે.

પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, રવિવાર તારીખ ૧૧/૧૦/૨૦૨૬ ના રોજ સવારે નવેક વાગ્યાની આસપાસ માસૂમ રીસા વાડીમાં રમી રહી હતી. આ વાડી સરદારભાઈ કૌશિકભાઈની હોવાનું જાણવા મળ્યું છે. રમતા રમતા અચાનક બાળકીના જમણા પગમાં ઝેરી સાપ કરડી ગયો હતો. સાપ કરડવાને કારણે રીસા માત્ર ૧૦ થી ૧૫ મિનિટમાં જ બેભાન થઈ ગઈ હતી. ગભરાયેલા પરિવારે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબ ડોક્ટર શ્રી કે.એ. ચૌહાણ સાહેબે બાળકીને તપાસીને સવારે ૧૧:૦૫ વાગ્યે તેને મૃત જાહેર કરી હતી. આ આઘાતજનક બનાવની જાણ થતાં પોલીસે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોત નંબર ૧૨૫/૨૦૨૬ હેઠળ નોંધ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ સમગ્ર કરુણ બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ (HC) એ.એચ. ગોહિલને સોંપવામાં આવી છે અને તેઓ આગળની કાર્યવાહી ચલાવી રહ્યા છે.

૧૫.૫૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી સપ્લાયરને શોધતી પોલીસ

એકત્રીસ કિલો ગાંજા સાથે બે ઝબ્બે

અમદાવાદ, તા.૧૧

પશ્ચિમ કચ્છ પોલીસે મુંદ્રા તાલુકામાં મોટી સફળતા મેળવી છે. એસઓજીની ટીમે બાબાજીવાળી લેબર કોલોનીમાંથી ૩૧.૦૮૦ કિલો ગાંજો ઝડપી પાડ્યો છે. ૧૫.૫૪લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે બિહારના બે યુવકોની ધરપકડ કરાઈ છે. 'નો ડ્રગ્સ ઇન વેસ્ટ કચ્છ' અભિયાન હેઠળ પોલીસે NDPS એક્ટ મુજબ કડક તપાસ શરૂ કરી છે.



પશ્ચિમ કચ્છ SOG દ્વારા મુંદ્રા તાલુકાના મોટા કાંડાગરા ગામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બાબાજીવાળી લેબર કોલોનીની એક ઓરડીમાંથી ૩૧.૦૮૦ કિલો ગાંજો ઝડપી પાડીને બિહારના બે યુવકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કુલ ૧૫.૫૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ જમ કરી એનડીપીએસ એક્ટ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

શંકાસ્પદ નશીલા પદાર્થનો સંગ્રહ થયો હોવાની ચોક્કસ બાતમી પશ્ચિમ કચ્છ SOG ની ટીમને મળી હતી.બાતમી મળતાં જ પોલીસ કાફલાએ યોજનાબદ્ધ રીતે લેબર કોલોનીની સંબંધિત ઓરડીને ઘેરી લીધી હતી. ઓરડીની તલાશી દરમિયાન પ્લાસ્ટિકના કોથળાઓમાં છુપાવીને રાખવામાં આવેલો વનસ્પતિજન્ય જથ્થો મળી આવ્યો હતો, જેનું વજન અને વૈજ્ઞાનિક પૃથક્કરણ કરતાં તે ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી.ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવાયેલા બિહારના બે યુવકોને ઘટનાસ્થળેથી જ રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે નશીલા પદાર્થની સાથે મોબાઈલ ફોન અને પેકિંગ માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી સહિતનો અન્ય સામાન પણ પુરાવા તરીકે જમ કર્યો છે.

પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ ઔદ્યોગિક એકમોમાં સામાન્ય શ્રમિક તરીકે કામ કરતા હતા. મજૂરીની આડમાં તેઓ અન્ય રાજ્યોમાંથી ટ્રેન કે ખાનગી વાહનો દ્વારા આ નશીલો પદાર્થ કચ્છમાં ઘુસાડતા હતા. આ જથ્થો સ્થાનિક લેબર કોલોનીઓ, શ્રમિકો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના યુવાનોમાં છૂટક પડીકીઓ બનાવીને ઊંચા ભાવે વેચવાનો મનસૂબો હતો. પોલીસ હવે આ નેટવર્કના મૂળ સપ્લાયર અને સ્થાનિક રિટેલ ખરીદદારોની કડીઓ મેળવવા માટે તપાસ કરી રહી છે.

તાલુકા, એ. ડિવિઝન અને માલવીયાનગર પોલીસ મથકે નોંધાઈ ગુમ થવાની ફરિયાદો

પરિણીતા-યુવતી ને યુવાન ભેદી સંજોગોમાં લાપતા

રાજકોટ, તા.૧૧

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોમાં અલગ-અલગ વિસ્તારોમાંથી ત્રણ વ્યક્તિઓ લાપતા થયા હોવાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. આ ત્રણ ઘટનાઓ રાજકોટ તાલુકા, એ. ડિવિઝન અને માલવીયાનગર પોલીસ સ્ટેશનની હદમાં બની છે. પરિજનોની ચિંતા વચ્ચે પોલીસે ગુમ થયેલા લોકોની સઘન શોધખોળ શરૂ કરી છે.

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા પુનિતનગર મેઈન રોડ પર આવેલી સતનામ સોસાયટી શેરી નં. ૩ માં રહેતા ૨૬ વર્ષીય ભાવનાબેન સાગરભાઈ પીપળીયા ભેદી સંજોગોમાં લાપતા થયા છે. તેમના પતિ સાગરભાઈ મનસુખભાઈ પીપળીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ભાવનાબેન ગત ૦૯/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૭ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી તેમના ૪ વર્ષના પુત્ર વિરાંશને સાથે લઈને કોઈ કારણસર નીકળી ગયા હતા, અને ત્યારબાદ તેઓ પરત ફર્યા નથી. તેમણે ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. તેમના જમણા હાથમાં સ્ટાર ત્રોફાવેલો છે. આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. જયંતિભાઈ સોંદરવા ચલાવી રહ્યા છે.

બીજો બનાવ એ. ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયો છે. ૮૦ ફૂટ રોડ પર સત્યમપાર્ક શેરી નં. ૦૩ માં રહેતા ૨૪ વર્ષીય મેઘાબેન અજયભાઈ પાટડીયા એસ્ટ્રોન ચોકથી ગુમ થયા હોવાની જાણવા જોગ તેમના પિતા અજયભાઈ લક્ષ્મણભાઈ પાટડીયાએ નોંધાવી છે.

મેઘાબેન અપરણિત છે અને એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ છે. વધુ તપાસ એ.એસ.આઈ. ભરતસિંહ વી. ગોહિલને સોંપવામાં આવી છે. જ્યારે ત્રીજો બનાવ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. મવડીપ્લોટ મીરાંમ્બીકા સ્કૂલની સામે, નવલનગર ૧૫ કેશવ પેટન્સ સામે રહેતા ૩૧ વર્ષીય કુલદિપસિંહ રઘુવીરસિંહ સરવૈયા લાપતા થયા છે. તેમના પિતા રઘુવીરસિંહ બેચરજી સરવૈયા દ્વારા પોલીસને જાણ કરવામાં આવી છે કે તેમનો પુત્ર તારીખ ૦૮/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી ગુમ થયો છે. કુલદિપસિંહ પ્રાઇવેટ નોકરી કરે છે. તેમના મોઢાના ભાગે ખીલના નિશાન છે. વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એ.જી. મકવાણા કરી રહ્યા છે.

ગેરકાયદે ખનન વિવાદ લોહિયાળ બનતા નાનકડા ગામમાં શોક

ભત્રીજાએ પાંચની મદદથી કાકાને પતાવી દીધા

મોડી રાત્રે ઘસી ગયેલી ટોળકીએ દરવાજો તોડી, પ્રવેશી કર્યો જીવલેણ હુમલો : હોસ્પિટલે પહોંચાડાય તે પહેલા જ મોત

રાજકોટ, તા.૧૧

ગારીયાધારના વીરડી ગામે ગેરકાયદે ખનીજ ચોરી રોકવા જતાં વૃદ્ધ આણંદભાઈ કંટારીયાની હત્યા થઈ છે. ઘરનો દરવાજો તોડી સગા ભત્રીજા સહિત ૪ થી ૫ શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજા પામેલા વૃદ્ધ સારવાર પૂર્વે રસ્તામાં જ મૃત્યુ પામ્યા હતા. ગારીયાધાર પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

ગારીયાધાર તાલુકાના વીરડી ગામે ગેરકાયદે ખાણ-ખનીજ ચોરીના વિરોધમાં એક વૃદ્ધની કરપીણ હત્યા થતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. વીરડી ગામમાં રહેતા વૃદ્ધ આણંદભાઈ પુંજાભાઈ કંટારીયા પર તેમના જ સગા ભત્રીજા સહિત ૪-૫ શખ્સોએ ઘરમાં ઘૂસી જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃદ્ધને સારવાર અર્થે ખસેડાય તે પહેલાં જ રસ્તામાં તેમનું કરુણ મોત નીપજ્યું હતું.ભાવનગર ગ્રામ્ય પંથકમાં ખનીજ ચોરીને લઈને ચાલી રહેલી જૂની અદાવત આખરે એક વૃદ્ધના મોતમાં પરિણમી છે. ગારીયાધારના વીરડી ગામે રહેતા આણંદ કંટારીયા સ્થાનિક સ્તરે ચાલતી ગેરકાયદે ખાણ-ખનીજની પ્રવૃત્તિઓ અને ચોરી સામે સતત અવાજ ઉઠાવી રહ્યા હતા.

મૃતકના પરિવારજનોના જણાવ્યા અનુસાર, આ ખનીજ ચોરીમાં તેમના સગા સંબંધીઓની સંડોવણી હોવા છતાં વૃદ્ધ તેનો ખુલ્લેઆમ વિરોધ કરતા હતા. આ વિરોધને ડામી દેવા અને બદલો લેવાની દાનતથી આરોપીઓએ આયોજનપૂર્વક તેમના રહેણાંક મકાનને નિશાન બનાવ્યું હતું.



ભત્રીજા સહિત ૪-૫ અજાણ્યા શખ્સોએ ઘરનો મુખ્ય દરવાજો બળજબરીપૂર્વક તોડી નાખ્યો હતો. ઘરમાં ઘૂસીને હુમલાખોરોએ આણંદભાઈ પર બોથડ અને તીક્ષ્ણ હથિયારો વડે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. વૃદ્ધે બચવા માટે બૂમાબૂમ કરી હતી, પરંતુ હુમલાખોરોએ તેમને રહેંસી નાખીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

પોલીસ તપાસમાં એવા કારણો જાવા મળ્યા હતી કે, સ્થાનિક સરકારી કે ખાનગી જમીન પરથી થતા ગેરકાયદે ખનન સામે તેઓ સક્રિય હોવાના નાતે તેમનો ભોગ લેવાયો હોવાનું કહેવું અનુચિત નથી. સગા ભત્રીજા દ્વારા કાકાના વિરોધને વ્યક્તિગત અદાવતમાં ફેરવી દીધાનું બહાર આવ્યું છે.

હુમલાના અવાજ સાંભળી આસપાસના ગ્રામજનો અને પરિવારના અન્ય સભ્યો દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલા આણંદ કંટારીયાને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવાની તજવીજ હાથ ધરાઈ હતી.પરંતુ શરીરે ગંભીર ઈજાઓ અને વધુ પડતું લોહી વહી જવાને કારણે હોસ્પિટલ પહોંચે તે પહેલાં રસ્તામાં જ વૃદ્ધે અંતિમ શ્વાસ લીધા હતા. ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. બનાવના પગલે વીરડી ગામમાં શોક વ્યાપ્યો છે.

માહિતી મળતાં જ ગારીયાધાર પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે મૃતકના પરિવારજનોના નિવેદનોના આધારે સગા ભત્રીજા સહિત હુમલામાં સામેલ તમામ ૪ થી ૫ શખ્સો વિરુદ્ધ હત્યા અને ઘરમાં ગેરકાયદે ઘૂસણખોરી સહિતની કલમો હેઠળ ગુનો નોંધવાની તજવીજ શરૂ કરી છે. ફરાર થઈ ગયેલા તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી જિલ્લાભરમાં નાકાબંધી ગોઠવી દેવામાં આવી છે.

પિસ્તોલ-જીવતા કાર્ટિસ સાથે તોકીર ઝડપાયો

ગુનાખોરી ડામવા અને ગેરકાયદેસર હથિયારો પકડવા માટે પોલીસ કમિશનરની કડક સૂચના બાદ ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી

રાજકોટ, તા.૧૧

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ ગેરકાયદેસર હથિયારો ધરાવતા અસામાજિક તત્વો પર લગામ કસવા રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ સતત કાર્યરત છે. મિલકત સંબંધી ગુનાઓ, વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ અને લૂંટ જેવા અન-ડિટેક્ટ ગુનાઓ ઉકેલવા તેમજ પ્રોહીબિશન, જુગાર અને આર્મ્સ એક્ટ હેઠળની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દુધસાગર રોડ પર આવેલી લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીની શેરી નં. ૨ માં પંચાયત હોલ સામે રહેતા તોકીર ઈરફાનભાઈ ચાવડાને સિંગલ બોર પિસ્ટલ એન બે જીવતા કારતુસ સહિતનો ૨૦૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેર ક્રાઈમ બ્રાન્ચનો પોલીસ સ્ટાફ શહેર વિસ્તારમાં નિયમિત પેટ્રોલીંગમાં હતો. આ દરમિયાન ડી.સી.બી. પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મહેશભાઇ સોલંકી, હેડ કોન્સ્ટેબલ સંજયભાઇ અલગોતર અને પોલીસ કોન્સ્ટેબલ નિકુંજભાઇ ધીરજલાલ મારવીયાને એક સંયુક્ત બાતમી મળી હતી. કે દુધસાગર રોડ પર આવેલી લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીની શેરી નં. ૨ માં પંચાયત હોલ સામે એક શખ્શ વિદેશી પિસ્ટલ રાખીને કાયદાથી લપાતો છુપાતો ફરે છે.

આવી બાતમીના આધારે ક્રાઈમના પીઆઈ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવએ સ્ટાફના એ.એસ.આઈ. મહેશભાઇ સોલંકી, ઘનશ્યામભાઇ મેણીયા, હેડ કોન્સ્ટેબલ સંજયભાઇ અલગોતર, કોન્સ્ટેબલો



ધર્મરાજસિંહ રાણા, નિકુંજભાઇ મારવીયા, મેહુલસિંહ ચુડાસમા અને રઘુવીરસિંહ ભરતસિંહ જોડેજાએ ટીમ બનાવીને આજીડેમ ચોકડી પાસે આવેલી માન સરોવર સોસાયટીની પાછળના ખુલ્લા ડેલામાં દરોડો પાડ્યો હતો. પોલીસે આ સ્થળેથી એક યુવાનની અટકાયત કરી હતી. પૂછપરછમાં તેણે પોતાનું નામ દુધસાગર રોડ પર આવેલી લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીની શેરી નં. ૨ માં પંચાયત હોલ સામે રહેતો તોકીર ઈરફાનભાઇ ચાવડા હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેની સઘન તલાશી લેતા તેની પાસેથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલી એક વિદેશી બનાવટની સીંગલ બોરની ૨૦ હજારની પિસ્ટલ મળી આવી હતી, અને ૨૦૦ રૂપિયાના ના ૨ જીવતા કાર્ટીસ પણ મળી આવતા કુલ ૨૦,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

હથિયાર અને કાર્ટિસનો કોઈ કાયદેસરનો પરવાનો ન હોવાથી પોલીસે મુદ્દામાલ જપ્ત કરી આરોપી તોકીર ચાવડાની વિધિવત ધરપકડ કરી છે. તેની સામે રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટની કલમો મુજબ સત્તાવાર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ હથિયાર તે ક્યાંથી લાવ્યો હતો અને શા માટે રાખ્યું હતું તે દિશામાં પોલીસ આગળની તપાસ માટે પોલીસે તોકીરને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

આ સમગ્ર કામગીરી રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમીશ્નર ચૈતન્ય માંડલીક, નાયબ પોલીસ કમીશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) બી.બી. બસીયાની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

પૈસાની લેતીદેતી મામલે વેપારીના ઘરે આતંક

ફોરચ્યુનર સહિતની ગાડીઓમાં આવેલા શખ્સોએ ૧.૮૦ લાખનું નુકસાન કર્યું : સંતકબીર રોડ પર શક્તિ સોસાયટીમાં બની ઘટના : ૮-૯ સામે ગુનો



રાજકોટ, તા.૧૧

થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રવિવારે મધરાતે કારમાં ઘસી આવેલા શખ્સોએ ૮-૯ શખ્સોએ આતંક મચાવી વાહનોમાં થોડ્ફોડ કરી ૧.૮૦ લાખનું નુકશાન પહોચાડ્યાની પોલીસમાં ફરિયાદ કરાઈ છે. સંતકબીર રોડ પર આવેલી શક્તિ સોસાયટીમાં રહેતા અને કાપડનો વેપાર કરતા ૪૯ વર્ષીય વિરલભાઈ વિજયભાઈ ડોડીયાએ પોતાના જ દૂરના સગા દિપક પ્રતાપભાઈ ડોડીયા, તેમના પુત્ર સિધ્ધાર્થ અને અન્ય ૭ થી ૮ અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને આતંક મચાવનાર શખ્સોની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ સમગ્ર ડખ્ખાનું મૂળ નાણાકીય લેતીદેતી છે. ફરિયાદીના પુત્ર શક્તિના મિત્ર રોનકભાઈને ભાવેશભાઈ ડોડીયા સાથે કોઈ પૈસાની લેવડદેવડ હતી. આ બાબતનો ખાર રાખીને આરોપી દિપકભાઈ અને સિધ્ધાર્થે ફરિયાદી વિરલભાઈ અને તેમના પુત્ર શક્તિને ફોન કરીને ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

રવિવારે રાત્રે સવા બારેક વાગ્યાની આસપાસ ફરિયાદી અને તેમના પત્ની ઘરની બહાર બેઠા હતા ત્યારે આ હુમલાખોરો એક સફેદ રંગની ફોરચ્યુનર, સ્વીફ્ટ ગાડી અને એક એક્ટિવા લઈને ત્યાં ઘસી આવ્યા હતા. તેમના હાથમાં ધોકા અને પાઇપો હતા. આ ટોળકીએ તેમના ઘર પર સોડાની બોટલોના ઘા કરતા ડરી ગયેલા પરિવારે ઘરમાં પુરાઈને પોલીસ કંટ્રોલ રૂમ ૧૧૨ માં ફોન કર્યો હતો. આ દરમિયાન હુમલાખોરોએ ઘરની બહાર પાર્ક કરેલી ઓડી, ક્રેટા અને સ્વીફ્ટ ગાડીઓના કાચ અને સનરૂફ ધોકા મારીને તોડી નાખ્યા હતા. આ તોડફોડમાં ફરિયાદીને અંદાજે ૧,૮૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસની ગાડી આવે તે પહેલા જ હુમલાખોરો ગાળો બોલતા બોલતા ત્યાંથી ફરાર થઈ ગયા હતા. હાલ આ સમગ્ર ઘટનાની વધુ તપાસ થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.જી. સોલંકીએ હાથ પર લઈને આતંક મચાવનાર શખ્શોની શોધખોળ આદરી છે.

આજે તો કોઈને શેરી ટપવા નહિ દઉં તેમ કહી તલવારો સાથે પાછળ દોડ્યા માંડા ડુંગરમાં કૌટુંબિક ડખ્ખો

મોટાભાઈનો સાગરીતો સાથે પરિવાર પર હથિયારોથી હુમલો

પૈસાની માંગણી મુદ્દે બેરોજગાર ભાઈએ આતંક મચાવ્યોઃ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી

રાજકોટ, તા.૧૧

આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શનિવારે રાત્રે બનેલી પારિવારિક બબલની ઘટના પોલીસ થાણે પહોચી છે.

માંડા ડુંગરમાં નવદુર્ગા ચોક પાસે રહેતા ૨૫ વર્ષીય અજયભાઈ રાયધનભાઈ સોલંકીએ પોતાના જ સગા મોટા ભાઈ વિજય રાયધનભાઈ સોલંકી અને અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સામે હુમલાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદમાં અજયભાઈના જણાવ્યા અનુસાર, તેમનો મોટો ભાઈ વિજય કોઈ જ પ્રકારનો કામધંધો કરતો નથી અને અવારનવાર પરિવારના સભ્યો પાસે પૈસા માંગીને તેમને હેરાન પરેશાન કરતો રહે છે.

શનિવારે રાત્રે આશરે અગિયારેક વાગ્યાની આસપાસ ફરિયાદી અજયભાઈ અને તેમનો પરિવાર ઘરે બેઠો હતો ત્યારે આ ઘટના બની



હતી. તેમની મોટી બહેન સોનલે અચાનક બૂમ પાડીને કહ્યું કે તેમનો ભાઈ વિજય ખુલ્લા મોઢે અને તેની સાથે અન્ય ત્રણ અજાણ્યા લોકો મોઢા બાંધીને હાથમાં હથિયારો લઈને આવ્યા છે. આ સાંભળીને ગભરાયેલા પરિવારના તમામ સભ્યો જીવ બચાવવા પોતાનું કામ પડતું મૂકીને અલગ અલગ દિશામાં ભાગવા લાગ્યા હતા. વિજયના હાથમાં છરી હતી જ્યારે બાકીના ત્રણ શખ્સો પાસે તલવારો હતી, અને તેઓ પરિવારની પાછળ દોડીને જેમ ફાવે તેમ ગાળો આપી રહ્યા હતા.

પરિવારના સભ્યોએ મદદ માટે જોરજોરથી બૂમાબૂમ શરૂ કરતા હુમલાખોરો ત્યાંથી નાસી ગયા હતા. જોકે, જતા જતા વિજયે એવી ગંભીર ધમકી આપી હતી કે તે કોઈને શેરી નહીં ટપવા દે અને ઘરમાંથી બહાર નીકળવા નહીં દે, અને જો કોઈ બહાર નીકળ્યું તો તેમને જાનથી મારી નાખશે. જીવ બચાવવાની આ ભાગદોડમાં અજયભાઈના ભત્રીજા રણજીત અને તેમના માતાને ડાબા પગની સાથળના ભાગે સામાન્ય છરકા જેવી ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ તુરંત જ ૧૧૨ નંબર પર કોલ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ પોલીસે આવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ આ સમગ્ર મામલાની તપાસ આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.એસ.ચૌહાણને સોંપવામાં આવી છે.

કારની અડફેટે વૃદ્ધાનું મોત : પુત્ર ગંભીર

શહેરના સાધુવાસવાણી ટી પોઈન્ટ પાસે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માતઃ સર્જાયો બનાવ

રાજકોટ, તા.૧૧

રવિવારે મોડી રાત્રે યુનિવર્સિટી રોડ પર આવેલા સાધુવાસવાણી ટી પોઈન્ટ પાસે પૂરપાટ ઝડપે આવતી એક રેનોલ્ટ સ્કાલા કારે એક્ટીવાને અડફેટે લેતા એક વૃદ્ધ મહિલાનું મોત નીપજ્યું છે. આ અકસ્માતમાં તેમના પુત્રને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઘટના અંગે ગાંધીગ્રામ ૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં કાર ચાલક સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સાધુવાસવાણી રોડ પર રહેતા વિપુલસિંહ ભાવસિંહ ચાવડા નામના વ્યક્તિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા મુજબ રવિવારે રાત્રે આશરે સવા બે વાગ્યાની આસપાસ તેમના કાકીજી સાસુ જશુબા અને તેમના દીકરા ચિરાગસિંહ માંઈ મંદિરેથી દર્શન કરીને પોતાના એક્ટીવા પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ સમયે સાધુવાસવાણી ટી પોઈન્ટ પાસે પહોંચતા અત્યંત ગફલતભરી અને માનવ જિંદગી જોખમાય તેવી રીતે પૂરઝડપે આવતી એક કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી



હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે માતા અને પુત્ર બંને એક્ટીવા સાથે ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. અકસ્માત બાદ તરત જ બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ અને ત્યારબાદ વધુ સારી સારવાર માટે ગિરિરાજ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે ગંભીર રીતે ઘવાયેલા જશુબાનું ચાલુ સારવાર દરમિયાન કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ચિરાગસિંહને બંને પગમાં ફ્રેક્ચર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમની સઘન સારવાર ચાલી રહી છે. પોલીસે વિપુલસિંહની ફરિયાદના આધારે રેનોલ્ટ કારના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. બનાવની વધુ તપાસ પીએસઆઈ એચ.એમ ચાવડાએ હાથ ધરી છે.

ફેસબુકમાં શેરબજારમાં રોકાણ અંગેની આકર્ષક જાહેરાતની લિંક પર ક્લિક કરતા ફસાયા

સાયબર ઠગાઈઃ પીજી ચલાવતા વૃદ્ધાના ૧૬ લાખ ગયા

શરૂઆતમાં ફરિયાદીનો વિશ્વાસ જીતવા ઠગોએ નફા પેટે રૂ. ૨૮૦૦ પરત કર્યા, પછી લાખો પડાવ્યા

રાજકોટ, તા. ૧૧

છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં ઊંચા વળતર અને ઓનલાઈન રોકાણની લાલચ આપીને નાગરિકોને લાખો રૂપિયાનો ચૂનો ચોપડવાના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. તાજેતરમાં જ મકરબા વિસ્તારમાં પીજી (PG) ચલાવતા ૭૪ વર્ષીય વૃદ્ધા રોમાબહેન પંજાબી સાથે બનેલી રૂ. ૧૬.૧૭ લાખની છેતરપિંડીની ઘટનાએ સમગ્ર શહેરમાં હડકંપ મચાવી દીધો છે. ઠગ ટોળકીએ ફેસબુક પર રોકાણની આકર્ષક જાહેરાત મૂકીને, ટેલિગ્રામ અને મોબાઈલ સ્ક્રીન શેરિંગ દ્વારા વૃદ્ધાને વિશ્વાસમાં લીધા હતા અને બોગસ વેબસાઇટ પર ૧૭ લાખનો નફો બતાવી કટકે-કટકે તેમની પાસેથી મોટી રકમ પડાવી લીધી હતી. આ કિસ્સો માત્ર એક અપવાદ નથી, પરંતુ આ પ્રકારના ઓનલાઈન સાયબર ફ્રોડના અનેક કિસ્સાઓ અમદાવાદમાં અવારનવાર સામે આવતા રહે છે.

વિગતો જોઈએ તો અમદાવાદના મકરબા વિસ્તારમાં એકલા રહીને પીજી ચલાવતા ચિમોટેર વર્ષીય રોમાબહેન પંજાબી શેરબજારમાં ઓનલાઈન રોકાણના નામે મોટો નફો કમાવવાની લાલચમાં સાયબર ઠગોની જાળમાં ફસાઈ ગયા છે. ગત પમી મેના રોજ તેઓ ફેસબુક વાપરી રહ્યા હતા ત્યારે તેમને શેરબજારમાં રોકાણ અંગેની એક આકર્ષક જાહેરાત દેખાઈ હતી. આ જાહેરાતની લિંક પર ક્લિક કરતાં ીફક્ષાળિ.ભજ્ઞળ નામની વેબસાઇટ ખુલી હતી, જેમાં તેમણે પોતાની વિગતો ભરી હતી. ત્યારબાદ બીજા જ દિવસે અભિષેક નામના શખસે ફોન કરીને પોતાની ઓળખ 'પ્રોક્સટ્રેન્ડ' કંપનીના એજન્ટ તરીકે આપી હતી અને ટેલિગ્રામ તથા સ્ક્રીન શેરિંગ એપ્લિકેશન દ્વારા રોમાબહેનને વિશ્વાસમાં લીધા હતા. ઠગ મંડળીએ ઝૂમ વીડિયો કોલ મારફતે અલગ-અલગ યુપીઆઈ આઈડી આપીને શેર ખરીદવાના નામે નાણાં ટ્રાન્સફર કરાવવાનું શરૂ કર્યું હતું.



શરૂઆતમાં ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે ૨૫મી મેના રોજ ઠગોએ નફા પેટે રૂ. ૨,૮૦૦ પરત કર્યા હતા. ત્યારબાદ રોમાબહેનના મોતિયાના ઓપરેશન પછી, ૧લી જૂનથી દીપક નામના વ્યક્તિએ વિવિધ વિદેશી નંબરો પરથી સંપર્ક કરીને એકાઉન્ટ ઓપરેટ કરવાના બહાને શેર અને ગોલ્ડમાં વધુ રોકાણ કરાવી મોટા પ્રમાણમાં રકમ જમા કરાવી લીધી હતી. ફેક એકાઉન્ટમાં રૂ. ૧૭ લાખ જેટલો વર્ચ્યુઅલ નફો બતાવતો હોવાથી જ્યારે વૃદ્ધાએ નાણાં વિડ્રોઅલ કરવાની માગ કરી, ત્યારે રાધિકા અને ભારતી નામની મહિલાઓએ હોલ્ડિંગ ફી તરીકે રૂ. ૧,૫૫,૦૦૦ પડાવી લીધા હતા. તે પછી પણ રકમ પરત ન મળતાં ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરના રોજ દુપદા રામાક્રિષ્ના નામના શખસે ઇન્કમટેક્સના નામે વધુ રૂ. ૫ લાખની માગણી કરી હતી. વારંવાર નવા ચાર્જના નામે પૈસા મગાતા વૃદ્ધાને શંકા ગઈ હતી અને તેમણે પીજીમાં રહેતી યુવતી સાથે વાત કરતાં સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો હતો. રોમાબહેને અલગ-અલગ તારીખે કુલ રૂ. ૧૬,૨૦,૧૯૭ જમા કરાવ્યા હતા, જેમાંથી રૂ. ૨,૮૦૦ પરત મળતાં શુદ્ધ રૂ. ૧૬,૧૭,૩૯૭ની છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ થતાં તેમણે આખરે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે અંતર્ગત વિકએન્ડ ડ્રાઈવની કાર્યવાહી

છરી સાથે, પીધેલા ને દારૂ સાથે ૪૫ ઝડપાયા

અસામાજિક તત્વો સામે પોલીસની લાલ આંખ : છરી સાથે ૧૭, પીધેલી હાલતમાં ૧૫, દારૂ સાથે ૧૩ ઝપટે ચડ્યા

રાજકોટ, તા. ૧૧

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને ધારદાર છરી સાથે ફરતા શખ્સો, નશો કરીને વાહન હંકારનારા ચાલકો તેમજ ગેરકાયદેસર દેશી અને વિદેશી દારૂનું વેચાણ કે હેરફેર કરતા અસામાજિક તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. આ રાત્રિ ડ્રાઇવ અને કડક કાર્યવાહી દરમિયાન કુલ ૪૩ કેસ નોંધીને કુલ ૪૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેની વિસ્તૃત વિગતો નીચે મુજબ છે.

વિગતો જોઈએ તો શહેરમાં પોલીસ કમિશનરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરીને ગેરકાયદેસર ધારદાર છરી સાથે ફરતા શખ્સો વિરુદ્ધ જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ ૧૭ કેસ નોંધી ૧૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભગવતીપરા મેઇન રોડ પરથી સમીર ઇબ્રાહીમભાઇ ઠેબેપૈત્રા પેન્ટના નેફામાં છરી રાખી નીકળતા ઝડપાયો હતો. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે પેટ્રોલિંગ દરમિયાન અલગ-અલગ સ્થળોએથી છરી સાથે ભાગરથી કરુણા બાગ, જીતેન્દ્રભાઇ અશોકભાઇ ચાવડા અને નીમેષભાઇ અશોકભાઇ ચાવડાને પકડી પાડ્યા હતા. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘંટેશ્વર પાસેથી ધીરજભાઈ મંગાભાઈ લાંબડીયા ભરવાડ જાહેરમા છરી સાથે મળી આવ્યો હતો, જ્યારે ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દીલીપ હરીભગત આઉજી અને ગૌરાંગભાઇ ભગુભાઇ રાઠોડ હથિયારબંધીના ભંગ બદલ ઝડપાયા હતા. માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્વામિનારાયણ ચોક પાસેથી રવિભાઇ કળુભાઇ કોળી છરી સાથે પકડાયો હતો. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાના મૌવા રોડ ભીમનગર સર્કલ પાસેથી દિનેશ ઉર્ફે વિજય ગોવિંદભાઇ પરમાર અને કાલાવડ રોડ મોટામવા સ્મશાન પાસેથી વનરાજભાઇ ભિખાભાઇ વાઘેલા છરી સાથે ઝડપાઈ ગયા હતા. આ ઉપરાંત બી ડીવીઝન વિસ્તારમાં મોરબી રોડ જુના જકાતનાકા પાસેથી નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ સોઢા અને સીટી સ્ટેશન પાસેથી જીતેશભાઇ વજુભાઇ રીબડીયા સ્ટેનલેસ સ્ટીલની છરી સાથે પકડાયા હતા. કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમદાવાદ-રાજકોટ હાઇવે રોડ નવાગામ દેવનગર ઢોરા સામેથી લાલાભાઇ બાબુભાઇ સોલંકી અને રસીકભાઇ હરીભાઇ સોંદરવા પોતાના પેન્ટના નેફામાં છરી રાખી ફરતા ઝડપાઈ ગયા હતા. આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોંડલ ચોકડી પાસેથી રાહુલભાઇ રામપ્રતાપભાઈ ચૌધરી, સરધાર આઉટ પોસ્ટ પાસેથી શમ્ભુભાઇ ઇશનભાઇ અજનેરા અને કોઠારીયા મેઈન રોડ સેલિબ્રેશન પાર્ટી પ્લોટ પાસેથી ચિરાગભાઈ કિશોરભાઈ કાલાવડીયા ગેરકાયદેસર છરી સાથે પકડાયા હતા.



જ્યારે કેફી પદાર્થ (દારૂ) પીને વાહન હંકારનારા (ડ્રિંક એન્ડ ડ્રાઇવના કેસમાં ૧૫ આરોપીઓ પકડાયા હતાં.વાહન ચલાવતી વખતે કેફી પ્રવાહી પીધેલી હાલતમાં પકડાઈને ટ્રાફિક અને પ્રોહીબિશન કાયદાનો ભંગ કરનાર વાહનચાલકો સામે કુલ ૧૫ કેસ નોંધી ૧૫ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજીડેમ ચોકડી પાસેથી હોન્ડા એક્ટિવા ચલાવતા કિશનભાઇ તળશીભાઇ ચુનારા, સ્પ્લેન્ડર મોટરસાયકલ ચલાવતા રણજીતભાઇ પારસભાઇ ચૌહાણ તથા સ્વાતિ પાર્ક મેઇન રોડ પરથી એક્ટિવા ચલાવતા કિરીટભાઇ મુકેશભાઇ દાણીધરયા કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા હતા. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેલનગર જંકશન ચોકી પાસેથી હોન્ડા સાઇન ચલાવતા જયેશભાઇ પ્રવીણભાઈ લખતરીયા, પોપટપરા સેન્ટ્રલ જેલ સામેથી એક્ટિવા ચલાવતા મેહુલ દીનેશભાઈ લીંબડીયા તથા રેલનગર મેઈન રોડ આસ્થા ચોક પાસેથી એસેસ મોટરસાયકલ ચલાવતા વીવેકભાઈ પ્રવીણભાઈ મકવાણા કેફી પ્રવાહી પીધેલી હાલતમાં પકડાયા હતા. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છોટુનગર મેઈન રોડ પાસેથી એક્ટિવા સર્પાકાર ચલાવતા કુણાલભાઇ હિતેન્દ્રભાઈ ઘેલાણી અને ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન વિસ્તારમાં રૈયાગામ બસ સ્ટેશન પાસેથી રીક્ષા સર્પાકાર ચલાવતા ગૌરવભાઇ દલશુખભાઇ રાઠોડ પકડાઈ ગયા હતા. માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોટેચા ચોક પાસેથી સ્પ્લેન્ડર ચલાવતા વિશાલ પ્રેમજીભાઈ સોની તથા પીડીએમ ફાટક પાસેથી ઓટો રીક્ષા ચલાવતા પરેશભાઈ લાખાભાઈ જેઠવા-પ્રજાપતિ કેફી પીણું પીધેલા ઝડપાયા હતા. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાવડી રોડથી એક્ટિવા ચલાવતા ધર્મેશભાઇ કનુભાઇ ઝરીયા, ૧૫૦ ફુટ રીંગ રોડ વિશ્વકર્મા સોસાયટી પાસેથી એક્સસ ચલાવતા વિશાલ રામજીભાઇ પરમાર અને નાના મવા રોડ ભીમનગર ચોક પાસેથી પ્લેન્ડર ચલાવતા મુકેશભાઇ ગુમલાભાઇ ડામોર ઝડપાયા હતા. થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મયુરનગર બગીચા પાસેથી સ્પ્લેન્ડર ચલાવતા તુષાર ઉર્ફે લાલો પરસોતમભાઇ મુગલપરા અને ચુનારાવાડ ચોક પાસેથી સીએનજી રીક્ષા સર્પાકાર ચલાવતા સુરેશભાઇ પ્રેમજીભાઇ તલસાણીયા પકડાયા હતા. તેમજ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પાસેથી કેફી પ્રવાહી પીધેલી હાલતમાં ઝડપાયેલા જયરાજસિંહ લગધીરસિંહ રાણા વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

આ ઉપરાંત દેશી અને વિદેશી દારૂ સાથે કુલ ૧૧ કેસમાં ૧૩ આરોપીઓ પકડાયા હતાં. જેમાં એ ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજેશ્રી સિનેમા પાસે બાલાજી મંદિર સામેથી પાસ પરમીટ વગર વેચાણ અર્થે રાખેલ ૫ લિટર દેશી દારૂ સાથે ધર્મેશભાઇ પોપટભાઇ સોલંકી અને સુનીલભાઇ પોપટભાઇ સોલંકી ઝડપાયા હતા. બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બેડી ચોકડી મઢુલી હોટેલ પાછળથી ૬ લિટર દેશી દારૂ સાથે મહમદ શાહજાદ ઉર્ફે છોટીયો ફૈયાજ અહમદ સૈયદ પકડાયો હતો. આજી ડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજીડેમ ચોકડી રવિવારી બજાર પાસેથી ૧૦ લિટર દેશી દારૂ સાથે જીગ્નેશભાઇ બાબુભાઇ ગોહીલ અને સરધાર આઉટ પોસ્ટ પાસેથી ૨ લિટર દેશી દારૂ સાથે ધુમાલ શંકરભાઇ મેહડા ઝડપાયા હતા. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જંકશન રેલવે સ્ટેશન સામેથી ૨ લિટર દેશી દારૂ સાથે સંજયભાઇ મગનભાઇ ડુવે પકડાઈ ગયો હતો. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘંટેશ્વર રેલવે પાટા પાસેથી ૫ લિટર દેશી દારૂ સાથે કંચનબેન સુનીલભાઈ વઢવાણીયા તથા ઘંટેશ્વર ક્વાર્ટરમાંથી ૧૫ લિટર દેશી દારૂ સાથે સુમીત્રાબા દીલીપસિંહ રાઠોડ એમ બે મહિલા આરોપીઓ પકડાઈ ગયા હતા. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જડુસ હોટલ પાસેથી વિદેશી દારૂના ચપલા નંગ-૦૨ તથા મોટરસાયકલ મળી કુલ રૂ. ૪૦,૨૯૦ ના મુદ્દામાલ સાથે મીલાપ હરેશભાઇ જીતીયા પકડાયો હતો. થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચુનારાવાડ ચોક પાસેથી મોટરસાયકલ સાથે કેફી પીણું પીધેલા દીપુ સ/ઓ નીરપદ મલીક તથા મીરા ઉદ્યોગ જીઆઈડીસી આજી નદીના કાંઠેથી ૧૫ લિટર દેશી દારૂ સાથે મહિલા આરોપી શોભનાબેન વા/ઓ અરજણભાઇ રાઠોડ ઝડપાઈ ગયા હતા.

નકલી ડીએસપી બનીને ફરતો શખ્સ ઝડપાયો

રોફ જમાવવા યુનિફોર્મ પહેરીને લટાર લગાવતો હતો

પંજાબના યુવકને લાલ દરવાજા પાસે ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યો



રાજકોટ તા. ૧૧

અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ (DSP) તરીકેની ખોટી ઓળખ આપતા એક યુવકને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપી ફોર્સના જવાનો જેવા કપડાં પહેરીને ફરતો હતો અને લોકો પર રોફ જમાવવા માટે પેન્ટ પર CISFના DSPનું બનાવટી ઓળખપત્ર લગાવ્યું હતું. પોલીસે તેની પાસેથી નકલી ઓળખપત્ર સહિત કુલ ૧૧,૧૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મળતી વિગતો અનુસાર લાલ દરવાજા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી. તેના આધારે પોલીસની ટીમે સરદાર બાગ પાસેથી ફોર્સ જેવા કપડાં પહેરીને ફરતા શંકાસ્પદ યુવકને અટકાવ્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવક લોકો સમક્ષ પોતે CISFનો ઉજ્જ હોવાની ખોટી ઓળખ આપતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તેની પૂછપરછ કરતાં આરોપી મૂળ પંજાબનો વતની હોવાનું જાણવા મળ્યું હતું. તેનું પૂરું નામ અઝમાએ સિકંદર મોહંમદ અખ્તર કમ્બોઝ અને ઉમર ૩૧ વર્ષ હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીની તપાસ દરમિયાન પોલીસને CISFના DSPનું બનાવટી ઓળખપત્ર, આધાર કાર્ડ, પાન કાર્ડ, મોબાઈલ ફોન અને ૧,૧૨૦ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. પોલીસે કુલ ૧૧,૧૨૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી કોઈ સરકારી અધિકારી કે રાજ્ય સેવક ન હોવા છતાં જાહેર સ્થળે સરકારી અધિકારી હોવાની ખોટી ઓળખનો ઉપયોગ કરતો હતો. ક્રાઈમ બ્રાન્ચે પ્રાથમિક કાર્યવાહી બાદ આરોપીને વધુ તપાસ માટે કારંજ પોલીસને સોંપ્યો હતો.

આ મામલે કારંજ પોલીસે આરોપી સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. તેણે સીઆઈએસએફના ડીએસપી તરીકેની ખોટી ઓળખ આપીને કોઈની પાસેથી નાણાં પડાવ્યાં છે કે અન્ય કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ કરી છે કે કેમ, તે દિશામાં પૂછપરછ કરવામાં આવી રહી છે. તપાસમાં વધુ વિગતો સામે આવવાની શક્યતા છે.

જૂની અદાવતનો ખાર રાખી યુવાનના ઘરે જુના મિત્રોએ મચાવી ધમાલઃ યુનિવર્સિટી પોલીસમાં ગુનો દાખલ

ફરિયાદ પાછી ખેંચ જે નહિતર મારી નાંખશું!

સાધુવાસવાણી રોડ પર અંજના પાર્કમાં બનાવઃ વાહનો અને મિલકતમાં આશિષ તન્ના અને મહીપાલ આચાર્યની તોડફોડ : દરવાજા, બારીઓ, વોશ બેસિન, બહાર પાર્ક કરેલી બે મોટરસાયકલમાં ૭૯,૮૦૦ રૂપિયાનું નુકસાન

રાજકોટ તા. ૧૧

શહેરના સાધુ વાસવાણી રોડ પર આવેલી અંજના પાર્ક સોસાયટીમાં જૂની અદાવતના કારણે એક યુવકના ઘર પર રાત્રિના સુમારે ઘાતક હુમલો કરી તોડફોડ મચાવવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. અગાઉ કરેલી પોલીસ ફરિયાદ પરત ખેંચી લેવા માટે દબાણ કરી, લોખંડની પાઈપ વડે ઘરના દરવાજા, બારીઓ, વાહનો અને ફર્નિચરમાં તોડફોડ કરી રૂ. ૭૯,૮૦૦નું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ અંગે ગાંધીગ્રામ-૦૨ યુનિવર્સિટી પોલીસ મથકે બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

બનાવની વિગત અનુસાર, સાધુ વાસવાણી રોડ પર આવેલા અંજના પાર્ક બ્લોક નંબર ૨૭ માં પરિવાર સાથે રહેતા અને મજૂરી કામ કરતા મંથનભાઈ મનહરભાઈ સોનાગરા ગત તા. ૦૭/૧૦/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે દોઢ વાગ્યાના અરસામાં પોતાના ઘરના હોલમાં સુતા હતા તે સમયે બહારથી જોર-જોરથી ગાળો બોલવાનો અવાજ આવતા તેઓ જાગી ગયા હતા. તેમણે બારીમાંથી જોતા તેમનો જૂનો મિત્ર આશિષ તન્ના અને તેનો મિત્ર મહીપાલ આચાર્ય હાથમાં લોખંડની જાડી પાઈપો લઈને ઊભેલા જોવા મળ્યા હતા. આ બંને શખ્સોએ મંથનભાઈના ઘરના મુખ્ય દરવાજા પર લોખંડની પાઈપના સપાટા મારીને દરવાજાને ભારે નુકસાન પહોંચાડ્યું હતું અને દરવાજો તોડીને બળજબરીથી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

ઘરમાં ઘૂસ્યા બાદ હુમલાખોરોએ આતંક મચાવવાનું શરૂ કર્યું હતું જેમાં હોલના દરવાજા



તથા ઉપરના માળે આવેલા હોલ અને બે રૂમના દરવાજા પર પાઈપ મારી તોડી નાખ્યા હતા જેથી રૂ. ૩૬,૫૦૦નું નુકસાન થયું હતું. આ ઉપરાંત હોલની લાકડાની ફ્રેમ વાળી કાચની બારી, બેડરૂમની બારીઓ, સ્લાઈડર બારી તથા ઉપરના રૂમના કુલ ૪ બારીઓ તોડી નાખી રૂ. ૨૦,૦૦૦નું નુકસાન કર્યું હતું. ફળિયામાં રહેલું બેસિન અને પ્લાસ્ટિકની ખુરશી તોડી નાખી રૂ. ૩,૩૦૦નું નુકસાન તેમજ ફળિયામાં પાર્ક કરેલી પ્લેઝર મોટરસાયકલ અને ઘર બહાર પાર્ક કરેલી એક્ટિવા મોટરસાયકલ પર પાઈપ વડે ઘા મારી બંને વાહનોમાં રૂ. ૨૦,૦૦૦નું નુકસાન કર્યું હતું. આમ, બંને શખ્સોએ મળીને કુલ રૂપિયા ૭૯,૮૦૦નું મિલકત અને વાહનોને નુકસાન પહોંચાડ્યું હતું.

તોડફોડ કર્યા બાદ ઘરની બહાર નીકળતી વખતે બંને હુમલાખોરોએ મંથનભાઈને ધમકાવતા કહ્યું હતું કે તે અમારા બંને વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે જે અગાઉ પોલીસ ફરિયાદ કરેલ છે તે પાછી ખેંચી લેજે, નહિતર તને જાનથી મારી નાખીશું અને આટલું કહી બંને શખ્સો રાત્રિના અંધારામાં ત્યાંથી નાસી છૂટ્યા હતા. ફરિયાદીના જણાવ્યા મુજબ, આરોપી આશિષ તન્ના અને મહીપાલ આચાર્ય ગત તા. ૨૮/૦૮/૨૦૨૬ ના રોજ પણ તેમના ઘરે આવ્યા હતા અને બોલાચાલી-ઝઘડો કરી તેમની સાથે મારકૂટ કરી હતી જે બનાવ અંગે મંથનભાઈએ યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તે વાતનો ખાર રાખીને અને ફરિયાદ પાછી ખેંચાવવાના ઈરાદાથી આ બંને શખ્સોએ રાત્રિના સમયે આ ઘાતક હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. આ અંગે મંથનભાઈ સોનાગરાએ ગાંધીગ્રામ-૦૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપતા એ.એસ.આઈ. જે.એલૂ. જાડેજાએ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

રાજકોટમાં વધુ એકવાર પીસીબીએ હેરાફેરી અટકાવી કુલ ૭.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

કારમાંથી રૂ. ૨.૭૫ લાખના દારૂ સાથે બે ઝડપાયા

શહેર પોલીસ કમિશનર દ્વારા પ્રોહિબિશનની અમલવારીના ભાગરૂપે ગોંડલ રોડ પર કાર્યવાહીઃ કણકોટના શિવરાજ અને સોલ્વન્ટના આદિલની ધરપકડ

રાજકોટ તા. ૧૧

દારૂબંધીનો કડક અમલ કરવા સક્રિય બનેલી રાજકોટ પોલીસની પીસીબી ટીમે ગોંડલ રોડ પરથી અંદાજે રૂ. ૭.૭૬ લાખના કુલ મુદ્દામાલ સાથે સ્વિફ્ટ કાર અને વિદેશી દારૂની ૮૬૪ બોટલ ઝડપી પાડી છે. આ મામલે પોલીસે બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિગતો જોઈએ તો શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા શહેરમાં ગેરકાયદેસર પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સદંતર નેસ્તનાબૂદ કરવા અને અસરકારક કામગીરી કરવા માટે આપવામાં આવેલી કડક સૂચનાના ભાગરૂપે, પી.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન એ.એસ.આઈ. મહીપાલસિંહ ઝાલા, અનિલભાઇ સોનારા, પો.હેડ.કોન્સ. હરદેવસિંહ રાણા અને પો.કોન્સ. હરપાલસિંહ જાડેજાને મળેલી ચોક્કસ સંયુક્ત બાતમીના આધારે ગોંડલ રોડ ક્રિષ્ના પાર્કની બાજુમાંથી વાવડી તરફ જતા રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી. ત્યાંથી પસાર થતી એક શંકાસ્પદ સ્વિફ્ટ કારને અટકાવીને તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.



આ દરોડાની કાર્યવાહીમાં પોલીસે સ્વિફ્ટ કારમાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ ૮૬૪ બોટલો જપ્ત કરી છે. જેમાં રોયલ ચેલેન્જ ફાઇન રીઝર્વ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ. ની ૫૨૮ બોટલ (કિંમત રૂ. ૧,૬૪,૨૦૮) અને ઓલ સીઝન્સ ગોલ્ડન કલેક્શન રીઝર્વ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ. ની ૩૩૬ બોટલ (કિંમત રૂ. ૧,૧૨,૫૬૦) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત રૂ. ૫,૦૦,૦૦૦ ની કિંમતની સ્વિફ્ટ કાર પણ કબજે કરવામાં આવી છે, જેથી કુલ મળીને રૂ. ૭,૭૬,૭૬૮ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કેસમાં પકડાયેલા આરોપીઓની ઓળખ શિવરાજ બાબુભાઇ ખાચર (ઉ.વ. ૨૨, રહે. ઉપવનપાર્ક શેરી નં.૧, કણકોટ પાટીયા પાસે, કાલાવાડ રોડ, રાજકોટ) તથા આદિલ જાહીદભાઇ શેખ (ઉ.વ. ૨૪, રહે. સોલવન્ટ કોઠારીયા મહમદીબાગના ગેટ પાસે, મૂળ રહે. મોટા કોટડા, તા. વિસાવદર, જી. જૂનાગઢ) તરીકે થઈ છે. આ સફળ કામગીરી પી.સી.બી. પી.આઈ. એમ.આર. ગોંડલીયા, પીએસઆઈ પી.બી. ત્રાજિયા, આર.કે. જોડેજા તથા પી.સી.બી. સ્ટાફના અદ્ય અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સંયુક્ત રીતે પાર પાડવામાં આવી છે.

કરોડોની જમીનો પર ભૂમાફિયાઓનો કબ્જો

મનપાના ૧૬૯૧ અનામત પ્લોટમાંથી ૩૮૯માં દબાણ

તંત્રના નાક નીચે પૂર્વ ઝોનમાં ખુલ્લા પ્લોટ કરતા દબાણો વધ્યા! : સમગ્ર શહેરમાં માત્ર ૫૩૪ પ્લોટ જ સુરક્ષિત; સેન્ટ્રલ અને વેસ્ટ ઝોનમાં પણ અબજોની જમીનો પર લાલિયાવાડી : દબાણોનો અજગર ફેણ ઊંચકીને બેઠો : કિંમતી જમીનો સાચવવામાં મનપા નિષ્ફળ



રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સાર્વજનિક હેતુઓ, બગીચા, પાર્કિંગ, અને ભવિષ્યના વિકાસકાર્યો માટે અનામત રાખવામાં આવતી કરોડો-અબજો રૂપિયાની કિંમતી જમીનોની જાળવણી સામે એક બહુ મોટો પ્રશ્નાર્થચિહ્ન ખડો થયો છે. મનપાના ચોપડે ત્રણેય ઝોનમાં મળીને કુલ ૧૬૯૧ અનામત પ્લોટો બોલે છે, પરંતુ કાગળ પર રહેલી આ અબજોની મિલકતોની જમીની હકીકત અત્યંત ચોંકાવનારી છે. તંત્રની ઉદાસીનતા, એસ્ટેટ શાખાની નબળી કામગીરી અને દબાણકારો સામે કડક પગલાં ન લેવાની નીતિના કારણે આજે શહેરના મોટાભાગના અનામત પ્લોટો પર ભૂમાફિયાઓ, વેપારીઓ અને ગેરકાયદે બાંધકામ કરનારાઓનો ભરડો સક્કડ બની ગયો છે. તાજેતરમાં સામે આવેલા સત્તાવાર આંકડાઓ મુજબ સમગ્ર શહેરમાં માત્ર ૫૩૪ પ્લોટ જ સંપૂર્ણપણે ખુલ્લા અને સુરક્ષિત રહ્યા છે, જ્યારે તેની સામે ૩૮૯થી વધુ પ્લોટો પર કાયદેસરના ગેરકાયદે દબાણો ખડકાઈ ગયા છે અને બાકીના પ્લોટો પણ કોઈને કોઈ વિવાદ કે અસ્પષ્ટ સ્થિતિમાં મુકાયેલા છે.

જો ઝોનવાઈઝ સ્થિતિનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે તો સૌથી ચિંતાજનક અને શરમજનક ચિત્ર પૂર્વ ઝોન (ઈસ્ટ ઝોન)નું સામે આવી રહ્યું છે. પૂર્વ ઝોનના ઔદ્યોગિક અને ગીચ રહેણાંક વિસ્તારોમાં આવેલી મનપાની જમીનો જાણે દબાણકારો માટે ખુલ્લો ખોરાક બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. આ ઝોનમાં મનપા પાસે કાયદેસર રીતે માત્ર ૭૨ પ્લોટ જ ખુલ્લા અથવા ખાલી રહ્યા છે, જ્યારે તેની સામે કાયદાના ધજાગરા ઉડાડીને ૧૦૨ અનામત પ્લોટો પર ગેરકાયદે દબાણો કરી લેવામાં આવ્યા છે. કોઈ પણ સરકારી તંત્ર માટે આ આંકડો અત્યંત શરમજનક છે કે જ્યાં સુરક્ષિત પ્લોટો કરતા દબાણગ્રસ્ત પ્લોટોની સંખ્યા નોંધપાત્ર રીતે વધી ગઈ છે. સ્થાનિક વોર્ડ ઓફિસરો અને એસ્ટેટ વિભાગના કર્મચારીઓની મીઠી નજર વગર આટલા મોટા પાયે સરકારી જમીનો પચાવી પાડવાનું શક્ય જ નથી તેવા ગંભીર આક્ષેપો પણ સ્થાનિક નાગરિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

બીજી તરફ, શહેરના જૂના અને મધ્ય ભાગ એવા સેન્ટ્રલ ઝોનમાં પણ પરિસ્થિતિ કંઈ સંતોષકારક નથી. સેન્ટ્રલ ઝોનમાં મનપાના રેકોર્ડ પર માત્ર ૭૦ પ્લોટ ખુલ્લા જોવા મળે છે, જેની સામે ૬૮ પ્લોટમાં નાના-મોટા શેડ, દુકાનો, ગેરેજ અને કાચા-પાકા બાંધકામો ખડકાઈ ગયા છે. આ ઝોનમાં જમીનના ભાવ આસમાને અડતા હોવાથી મનપાના પ્લોટ પર થોડો પણ ભાગ ખાલી દેખાય એટલે ત્યાં તુરંત ગેરકાયદે કબ્જો જમાવી લેવામાં આવે છે. ખુલ્લા પ્લોટ અને દબાણ વાળા પ્લોટ વચ્ચેનો આટલો ઓછો તફાવત દર્શાવે છે કે સેન્ટ્રલ ઝોનમાં મહાનગરપાલિકાનો ડર દબાણકારોમાંથી સદંતર ગાયબ થઈ ચૂક્યો છે. દબાણ હટાવવાની કોઈ કામગીરી થાય પણ ખરી તો તે માત્ર કાગળ પર નોટિસો આપવા પૂરતી જ સીમિત રહી જાય છે.

જ્યારે વેસ્ટ ઝોન કે જે શહેરનો સૌથી ઝડપથી વિકસતો, હાઈપ્રોફાઈલ અને મોંઘો વિસ્તાર ગણાય છે, ત્યાં પણ દબાણકારોએ પોતાના જાળ ફેલાવી દીધા છે. વેસ્ટ ઝોનમાં તંત્ર પાસે ૩૯૨ પ્લોટ ખુલ્લા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, પરંતુ તેની સાથોસાથ ૨૧૯ જેટલા પ્લોટો પર ગેરકાયદે કબજાઓ બોલી રહ્યા છે. વેસ્ટ ઝોનમાં અનામત રખાયેલા પ્લોટો પર કિંમતી વ્યવસાયિક પ્રવૃત્તિઓ, પાર્કિંગ અથવા રહેણાંક હેતુ માટે ગેરકાયદે ઉપયોગ થઈ રહ્યો છે. કરોડો રૂપિયાની જમીન હોવા છતાં મનપા દ્વારા ફેન્સિંગ કે કમ્પાઉન્ડ વોલ બનાવીને તેને સુરક્ષિત રાખવામાં આવતી નથી, જેના કારણે દબાણકારોને ખુલ્લું મેદાન મળી જાય છે.જો રાજકોટ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને શાસકો હવે પણ જાગશે નહીં અને દબાણ હેઠળના ૩૮૯ પ્લોટોને મુક્ત કરાવવા માટે નક્કર તથા આકરા પગલાં નહીં ભરે, તો આગામી દિવસોમાં શહેરમાં જાહેર સુવિધાઓ માટે જગ્યા જ નહીં બચે. પ્રજા હવે ઈચ્છે છે કે માત્ર કાગળ પર આંકડાઓની રમત રમાડવાને બદલે જમીન પર ઉતરીને ગેરકાયદે કબજાઓ પર બુલડોઝર ફેરવવામાં આવે અને મનપાની કરોડોની કિંમતી જમીનોને ભૂમાફિયાઓના કબ્જામાંથી મુક્ત કરાવવામાં આવે.

અનામત પ્લોટો પર દબાણ થવાના મુખ્ય કારણો

- અનામત પ્લોટો ફાળવ્યા બાદ મનપા દ્વારા ત્યાં કમ્પાઉન્ડ વોલ કે પ્રોટેક્શન બોર્ડ લગાવવામાં આવતા નથી.
- દબાણ શરૂ થાય ત્યારે જ પ્રાથમિક તબક્કે તેને રોકવાને બદલે બાંધકામ પૂર્ણ થઈ જાય ત્યાં સુધી આંખ આડા કાન કરવા.
- સ્થાનિક દબાણકારોને મળતું રાજકીય પીઠબળ જેના કારણે એસ્ટેટ શાખા કાર્યવાહી કરતા અચકાય છે.
- નોટિસો આપ્યા બાદ પણ લાંબા સમય સુધી આકરા ડિમોલિશન ન યોજવા.

પ્રજાના તીખા સવાલો અને મનપા સામેના પડકારો

- ક્યારે ચાલશે બુલડોઝર? શું મનપા આ ૩૮૯ દબાણગ્રસ્ત પ્લોટો પરથી ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે કોઈ ખાસ મેગા ડિમોલિશન ડ્રાઈવ યોજશે?
- અધિકારીઓ સામે પગલાં ક્યારે? જે અધિકારીઓની દેખરેખ હેઠળ આટલા મોટા પાયે દબાણો થયા તેમની સામે કડક ખાતાકીય તપાસ કેમ કરવામાં આવતી નથી?
- બાકી રહેલા ૫૩૪ ખુલ્લા પ્લોટો પર તાત્કાલિક ધોરણે તારની ફેન્સિંગ અથવા સિક્યોરિટી બોર્ડ લગાવવા માટે મનપા પાસે શું યોજના છે?

ન્યાયતંત્રમાં ગુજરાત હાઈકોર્ટ ડિજિટલ

ટેક્નોલોજીકલ ક્રાંતિ તરફ વધુ એક મજબૂત કદમ: લાઈવ સ્ટ્રીમિંગ અને હાઈબ્રિડ હિયરિંગ બાદ ઈ-ગવર્નન્સ ક્ષેત્રે દેશભરમાં નવી પહેલ : દરરોજ સાંજે આગામી કામકાજના દિવસ માટેનું ખાસ કોઝ લિસ્ટ વકીલના સ્માર્ટફોન પર PDF સ્વરૂપે આવી જશે



રાજકોટ, તા. ૧૧

દેશભરની અદાલતોમાં આધુનિક ટેક્નોલોજીના સર્વોત્તમ ઉપયોગ બાબતે હંમેશાં અગ્રેસર રહેલી ગુજરાત હાઈકોર્ટે વકીલો અને ન્યાયિક પ્રક્રિયાની સુવિધા માટે વધુ એક ક્રાંતિકારી પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત કરી છે. લાઈવ સ્ટ્રીમિંગ અને હાઈબ્રિડ હિયરિંગ બાદ હવે કોર્ટે પોતાના સંચાર માળખાને વધુ આધુનિક બનાવીને ડિજિટલ ઈ-ગવર્નન્સ ક્ષેત્રે નવો કીર્તિમાન સ્થાપ્યો છે. ન્યાયિક કામકાજને વધુ ઝડપી, સુગમ અને પેપરલેસ બનાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત હાઈકોર્ટ પ્રશાસને ધારાશાસ્ત્રીઓને સીધા તેમના વોટ્સએપ નંબર પર કેસ સંબંધિત ડેઇલી કોઝ લિસ્ટ મોકલવાનો નિર્ણય કર્યો છે. હાઈકોર્ટ રજિસ્ટ્રી દ્વારા આ અંગે સત્તાવાર પરિપત્ર જારી કરીને સેવા પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી છે. આ નવીન પહેલ હેઠળ હાઈકોર્ટ પ્રશાસન 'વોટ્સએપ બિઝનેસ API' પ્લેટફોર્મનો ઉપયોગ કરીને રજિસ્ટર્ડ વકીલો સુધી સત્તાવાર ડેટા સીધો પહોંચાડી રહ્યું છે, જેનાથી વકીલોને કોર્ટની વેબસાઇટ પર જઈને મેન્યુઅલ સર્ચ કરવાની જટિલતામાંથી કાયમી મુક્તિ મળશે.

અત્યાર સુધીની પરંપરાગત વ્યવસ્થા મુજબ, હાઈકોર્ટ રજિસ્ટ્રી દ્વારા વકીલોના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર માત્ર એક સામાન્ય ટેક્સ્ટ મેસેજ મોકલવામાં આવતો હતો, જેમાં ફક્ત કોઝ લિસ્ટ અપલોડ થયાની પ્રાથમિક સૂચના અપાતી હતી. આ સૂચના મળ્યા બાદ વકીલોએ જાતે હાઈકોર્ટના વેબ પોર્ટલ પર જવું પડતું હતું અને સેંકડો પાના ધરાવતી વિસ્તૃત પીડીએફ ફાઈલોમાંથી પોતાના કેસ નંબર કે નામ શોધવા માટે સમય વિતાવવો પડતો હતો. પરંતુ નવી ટેકનિકલ સિસ્ટમ જે-તે વકીલના લિસ્ટેડ કેસોને સિસ્ટમમાંથી આપોઆપ તારવીને ફક્ત તેમના માટેનું ખાસ પર્સનલાઇઝ્ડ કોઝ લિસ્ટ તૈયાર કરશે. હવે દરરોજ સાંજે આગામી કામકાજના દિવસનું કોઝ લિસ્ટ વકીલના રજિસ્ટર્ડ વોટ્સએપ નંબર પર પીડીએફ સ્વરૂપે સીધું જ પહોંચી જશે. આ સુવિધાના કારણે વકીલો પોતાના સ્માર્ટફોન પર એક જ ક્લિકમાં જાણી શકશે કે તેમના કયા કેસની સુનાવણી કઈ કોર્ટરૂમમાં, કયા ન્યાયમૂર્તિ સમક્ષ અને કેટલામા ક્રમે થવાની છે.

કોર્ટના કામકાજમાં સમયની કિંમત સર્વોપરી હોય છે. ઘણી વખત હાઈકોર્ટના સર્વર પર વધુ ટ્રાફિક હોવાને કારણે અથવા ઇન્ટરનેટ કનેક્ટિવિટીના અભાવે વકીલોને વેબસાઇટ પરથી માહિતી મેળવવામાં વિલંબ થતો હતો. હવે વોટ્સએપ જેવા લોકપ્રિય અને અત્યંત સરળ માધ્યમ પર જ દસ્તાવેજ મળી જતાં બિનજરૂરી સમયનો બગાડ અટકશે. ખાસ કરીને જૂનિયર વકીલો, બાર એસોસિએશનના સભ્યો અને દૂર-દૂરના વિસ્તારોમાંથી હાઈકોર્ટમાં પ્રેક્ટિસ માટે આવતા ધારાશાસ્ત્રીઓ માટે આ સુવિધા ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે, કારણ કે તેઓ મુસાફરી દરમિયાન પણ પોતાના કેસની સ્થિતિ તાત્કાલિક જાણી શકશે. હાલમાં આ યોજનાને પાયલોટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરવામાં આવી છે જેથી ટેકનીકલ ક્ષતિઓ દૂર કરી શકાય અને વપરાશકર્તાઓના પ્રતિભાવ મેળવી શકાય. જો આ પ્રોજેક્ટ સફળ રહેશે તો ગુજરાત હાઈકોર્ટ ભવિષ્યમાં પોતાની અન્ય તમામ ઈ-સેવાઓને પણ આ જ વોટ્સએપ પ્લેટફોર્મ સાથે જોડવાનું આયોજન ધરાવે છે.

રાજકોટવાસીઓ રામ ભરોસે! મનપાના હેલ્થ સેન્ટરોમાં નિષ્ણાત ડોક્ટરો અને સુપરવાઈઝરોની 'શોધખોળ'

અર્બન હેલ્થ સેન્ટરોમાં ૧૨૫ જગ્યાઓ ખાલીધમ

સ્ત્રી અને બાળ રોગ નિષ્ણાતની જગ્યાઓ પર 'ઝીરો' સ્ટાફ! : સુપરવાઈઝરની ૩૧ જગ્યાઓ વર્ષોથી 'વેકેન્ટ'



રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી બનાવવાની વાતો અને પ્રજાના સ્વાસ્થ્યની જાળવણીના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત અત્યંત ચોંકાવનારી અને ભયાનક ચિંતા ઉપજાવે તેવી સામે આવી છે. રાજકોટ મનપાના અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ હેઠળ ચાલતા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં (UPHC) અધિકારીઓ અને કર્મચારીઓની ભારે અછત સર્જાઈ છે. મનપાના સપ્ટેમ્બર-૨૦૨૬ના સત્તાવાર સ્ટાફ સેટઅપના આંકડાઓ દર્શાવે છે કે, આરોગ્ય વિભાગમાં મંજૂર થયેલી કુલ ૫૦૭ જગ્યાઓમાંથી આશરે ૨૫ ટકા જેટલી એટલે કે ૧૨૫ જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે. આ પરિસ્થિતિને કારણે રાજકોટના સામાન્ય, ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ રામ ભરોસે મુકાઈ ગયા છે.

સૌથી ચોંકાવનારી અને ગંભીર બાબત એ સામે આવી છે કે, શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલા નિષ્ણાત ડોક્ટરોની જગ્યાઓ જ ખાલી પડી છે. અર્બન હેલ્થ પ્રોજેક્ટ સેલ હેઠળ ગાયનેકોલોજિસ્ટ (સ્ત્રી રોગ નિષ્ણાત) માટે ૨ જગ્યાઓ અને પીડિયાટ્રીશિયન (બાળ રોગ નિષ્ણાત) માટે ૨ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલી છે. પરંતુ આશ્ચર્યજનક રીતે આ બંને મહત્વના હોદ્દાઓ પર એક પણ નિષ્ણાત ડોક્ટર ઉપલબ્ધ નથી, એટલે કે સ્ત્રી રોગ અને બાળ રોગના નિષ્ણાતોની જગ્યાઓ પર 'ઝીરો' સ્ટાફ કાર્યરત છે. પરિણામે મનપાના આરોગ્ય કેન્દ્રોમાં સારવાર માટે આવતી સગર્ભા મહિલાઓ અને નાના બાળકોને યોગ્ય અને સમયસર સારવાર મળતી નથી અને તેમને મજબૂરીવશ ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચ વેઠવાની ફરજ પડે છે.

માત્ર નિષ્ણાત ડોક્ટરો જ નહીં, પરંતુ પ્રાથમિક સ્તરે દર્દીઓની તપાસ કરતા મેડિકલ ઓફિસરોની ૨૭ જગ્યાઓમાંથી ૮ જગ્યાઓ ખાલી છે, જ્યારે સ્ટાફ નર્સની ૧૩ માંથી ૪ જગ્યાઓ ખાલી છે. વધુમાં, આરોગ્ય કેન્દ્રોની કામગીરી સુચારુ રીતે ચાલે તે માટે સુપરવિઝન કરતા અધિકારીઓની આખી કેડર જ ગાયબ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝરની મંજૂર ૩૧ જગ્યાઓ અને ફિમેલ હેલ્થ સુપરવાઈઝરની મંજૂર ૩૧ જગ્યાઓમાંથી એક પણ જગ્યા ભરાયેલી નથી, એટલે કે સુપરવાઈઝરની ૧૦૦% જગ્યાઓ (કુલ ૬૨ જગ્યાઓ) ખાલી પડી છે. આટલું જ નહીં, વહીવટી કામગીરી સંભાળતા સિનિયર ક્લાર્કની ૨ અને જુનિયર ક્લાર્કની ૨ મળીને તમામ ૪ જગ્યાઓ પણ ખાલી છે.

ગ્રાઉન્ડ લેવલ પર કામ કરતા કર્મચારીઓની વાત કરીએ તો, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (ખઝઁઠ) માટે મંજૂર થયેલી ૧૬૭ જગ્યાઓમાંથી ૨૭ જગ્યાઓ ખાલી છે અને ફિમેલ હેલ્થ વર્કર (FHW) ની ૧૬૨ જગ્યાઓમાંથી ૧૩ જગ્યાઓ ખાલી છે. જ્યારે ફાર્માસિસ્ટની ૩૩ માંથી ૧ અને લેબ ટેકનીશિયનની ૩૩ માંથી ૨ જગ્યાઓ ખાલી છે. આ તમામ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે, રાજકોટ મનપાનું આરોગ્ય તંત્ર હાલ માત્ર કાગળ પર મજબૂત દેખાય છે, પરંતુ વાસ્તવિકતામાં અપૂરતા સ્ટાફને કારણે કાર્યરત કર્મચારીઓ પર કામનું અસહ્ય ભારણ વધી ગયું છે અને પ્રજાને મળતી આરોગ્ય સેવાઓની ગુણવત્તા ખાડે ગઈ છે.

કુલ ૫૦૭ જગ્યાઓના સેટઅપ સામે માત્ર ૩૮૨ કર્મચારીઓ જ કામ કરી રહ્યા છે અને ૧૨૫ જગ્યાઓ ખાલી હોવા છતાં મનપા શાસકો કે તંત્ર દ્વારા નવી ભરતી કે તજવીજ કરવામાં વિલંબ થઈ રહ્યો છે. કરોડો રૂપિયાના બજેટ અને જાહેરાતો વચ્ચે રાજકોટના નાગરિકો પ્રાથમિક આરોગ્ય સુવિધાઓથી વંચિત રહી રહ્યા છે ત્યારે હવે જોવાનું એ રહેશે કે મનપાના ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય નેતાઓ આ ખાલી જગ્યાઓ વહેલી તકે ભરીને પ્રજાને રાહત આપે છે કે પછી સ્થિતિ આવી જ દયનીય રહેવા દે છે.